પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૬૧ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૩-૦૩-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## યુદ્ધના ૬ દિવસમાં ૬૦૦૦ રશિયન સૈનિકોના મોત : યુક્રેનના રાષ્ટ્રપતિનો મોટો દાવો

કીવ,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો આજે સાતમો દિવસ છે. રશિયાની સેના યુક્રેનની રાજધાની કિવ પર સતત બોમ્બમારો કરી રહી છે. મિસાઈલો છોડી રહી છે. કિવમાં સામાન્ય નાગરિકોને બંકરો કે ઘરના ભોયરામાં જતા રહેવા જણાવવામાં આવ્યું છે. યુક્રેને ચેચન્યા ફોર્સ તરફથી રાષ્ટ્રપતિ જેલેન્સકીને નિશાન બનાવવાની કોશિશ નિષ્ફળ કરી હોવાનો દાવો કર્યો છે. જેલેન્સ્કીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે ફોન પર રક્ષા સહયોગ અંગે વાતચીત કરી છે. આ બધા વચ્ચે ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં યુક્રેન સંકટ પર ૭ અને ૮ માર્ચના રોજ સુનાવણી થશે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે યુદ્ધના ૬ દિવસમાં રશિયાના ૬૦૦૦ જેટલા સૈનિકો માર્યા ગયા છે.



યુક્રેનના અનેક શહેરોમાં રશિયાએ એક સાથે હુમલા તેજ કર્યા છે. ખારકિવ અને કિવને ખાસ કરીને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ખારકિવમાં મચેલી તબાહીના વીડિયો પણ સામે આવી રહ્યા છે. યુક્રેનની સેનાનું કહેવું છે કે રશિયાના પેરાટ્રૂપર્સ ખારકિવમાં ઉતરી ગયા છે. તાજા હુમલામાં યુક્રેનના નાગરિકોના માર્યા જવાના રિપોર્ટ્સ પણ છે. યુક્રેની સેનાના જણાવ્યાં મુજબ રશિયન સૈનિકોએ ફાયરિંગ તેજ કર્યુ છે. ખારકિવ સ્થિત પોલીસ હેડક્વાર્ટર પર રશિયાએ હુમલો કર્યો છે. મિલિટ્રી એકેડેમી ઉપર મિસાઈલ એટેક કરવામાં આવ્યો. ખારકિવમાં તબાહીના વીડિયો પણ સામે આવ્યા છે. ખારકિવની એરફોર્સ યુનિવર્સિટીને પણ નિશાન બનાવવામાં આવી છે. આ હુમલા દરમિયાન એક ઓયલસ ટેકરમાં વિસ્ફોટ થયો છે. ખારસોન એરપોર્ટ પાસે જોરદાર વિસ્ફોટ થયો છે.

યુક્રેનના શહેર ખારકિવમાં રશિયાના હુમલા સતત ચાલુ છે. શહેરના ગવર્નરનો દાવો છે કે આ હવાઈ હુમલામાં ૨૧ લોકોના મોત થયા છે. જ્યારે ૧૧૨ ઘાયલ છે. આ ઉપરાંત ખારકિવમાં જ સ્થિત મિલિટ્રી એકેડેમી પર પણ રોકેટથી હુમલો થયો હતો. ત્યાં છેલ્લા ૯ કલાકથી આગ બૂઝાઈ નથી. યુક્રેનના ગૃહ મંત્રાલયના સલાહકાર તરફથી એક વીડિયો જારી કરાયો છે. તેમના જણાવ્યાં મુજબ આ વીડિયોમાં જોવા મળ્યું છે કે કઈ રીતે ત્યાં પોલીસ વિભાગના બિલ્ડિંગ પર રશિયાએ હુમલો કર્યો.

યુક્રેનના વિદેશ મંત્રાલય તરફથી એક ટ્વીટ કરાયું છે જેમાં લખ્યું છે કે રશિયાની સેનાએ ઢરર્અદ્ધઅસ્થિત પ્રસૂતિ ગૃહ તબાહ કરી નાખ્યું છે. શું આ નરસંહાર નથી તો શું હશે? બીજી બાજુ યુક્રેની મીડિયાનો દાવો છે કે ખારકિવમાં હજુ પણ સતત ધડાકા થઈ રહ્યા છે. કેટલાક રોકેટ ખારકિવ સ્થિત મિલિટ્રી એકેડેમી પર પડ્યા હતા. ત્યાં છેલ્લા ૯ કલાકથી આગ લાગી છે. શરણાર્થીઓ માટે જે સંયુક્ત રાષ્ટ્ર ઉચ્ચાયુક્ત છે તેમના જણાવ્યાં મુજબ અત્યાર સુધીમાં યુક્રેનથી ૬ લાખ ૭૭ હજાર લોકો પડોશી દેશોમાં જઈને રહેવા લાગ્યા છે. યુએનને આશંકા છે કે રેફ્યૂજીની સંખ્યામાં વધારો થઈ શકે છે. ખારકિવમાં આજે સવારે હવાઈ હુમલાના અવાજો સંભળાયા છે. પરંતુ આ બધા વચ્ચે ત્યાં રશિયન પેરાટ્રૂપર્સ ઉતર્યા છે જેમણે હોસ્પિટલને નિશાન બનાવી છે. ફાયરિંગ ચાલુ છે. અમેરિકી મીડિયાના હવાલે ખબર આવી છે કે રશિયન વિમાનો માટે અમેરિકા પોતાનો એર સ્પેસ બંધ કરશે. આ પગલું ગમે ત્યારે અમલમાં આવી શકે છે.રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિને દેશમાં વિદેશી મુદ્રા કાઢવા પર હાલ પ્રતિબંધ લગાવ્યો છે. આદેશ મુજબ ૧૦ હજાર ડોલરથી વધુના ઉપાડ પર તત્કાળ પ્રભાવથી રોક લગાવવામાં આવી છે.

અત્રે જણાવવાનું કે મંગળવારે યુક્રેનમાં ફસાયેલા કર્ણાટકના એક વિદ્યાર્થીનું રશિયાના હુમલામાં મોત થયું છે. તેનો એક સાથે ઘાયલ પણ થયો છે. જ્યારે બીજો સુરક્ષિત છે. તમામ ભોજન લેવા માટે બહાર નીકળ્યા હતા. ત્યારે જ અચાનક હુમલો થયો. જેમાં કર્ણાટકના વિદ્યાર્થીનું મોત થયું.યુક્રેન પર રશિયાના હુમલા પછી ત્યાં રહેતા વિદેશીઓ માટે સલામત રીતે બહાર નીકળવું એક મોટો પડકાર બની ગયો છે. ભારતીય નાગરિકો સહિત ઘણા દેશોના નાગરિકો ત્યાં ફસાયેલા છે. આ સાથે જ મોટી સંખ્યામાં પાકિસ્તાન અને અન્ય દેશોના નાગરિકો પણ ત્યાં ફસાયેલા છે અને કોઈક રીતે સુરક્ષિત બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારત સરકાર પોતાના લોકોને બહાર કાઢવા માટે 'ઓપરેશન ગંગાહ્લ ચલાવી રહી છે. યુક્રેનમાં તિરંગાની મદદથી ભારતીય નાગરિકો સરળતાથી અન્ય દેશોમાં જઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે ભારત વિરુદ્ધ ઝેર ઓકનારા પાકિસ્તાનના લોકો પણ ત્યાંથી બહાર નીકળવા માટે પોતાના ધ્વજને બદલે ત્રિરંગાનો સહારો લઈ રહ્યા છે અને ભારતીય હોવાનું જણાવીને ત્યાંથી નીકળી રહ્યા છે. યુક્રેન સતત રશિયાના હુમલાનો જવાબ આપી રહ્યું છે. યુક્રેને નક્કી કર્યું છે કે તે રશિયા સામે ઝુકશે નહીં. મંગળવારે યુરોપિયન સંસદમાં પોતાના સંબોધનમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ પણ પોતાનું વલણ સ્પષ્ટ કરતાં કહ્યું કે, યુક્રેનના લોકો અને યુક્રેનની સેના શાનદાર છે. તે સમાપ્ત થાય ત્યાં સુધી અમે લડીશું. આ દરમિયાન યુક્રેનના એક પગલાએ બધાને ચોંકાવી દીધા છે. યુક્રેને પોતાની સૈન્ય તાકાત વધારવા માટે ખુલ્લી ભરતીની જાહેરાત કરી છે. આ સાથે યુક્રેનની સરકાર લડાઈમાં સામેલ લોકોને મોટી રકમ પણ આપશે.

આવો હવે અમે તમને જણાવીએ કે યુક્રેને નાગરિકોને યુદ્ધમાં સામેલ થવા માટે શું ઓફર કરી છે. યુક્રેનની સરકારે કહ્યું છે કે યુદ્ધમાં હથિયાર લઈને યુક્રેન માટે લડનારાઓને ૧.૫ મિલિયન ડોલર આપવામાં આવશે. આ સાથે જ આ નિવેદનમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે દુશ્મન સેનાના સૈનિકની હત્યા માટે ૩૦૦ ડોલરની વધારાની રકમ પણ આપવામાં આવશે.

## પાટીલ જૂના જોગીઓને રિટાયર્ડ કરી દેશે : ૬૦ વર્ષથી વધુ ઉંમરનાને નહીં મળે તક, બોર્ડ નિગમોમાં પણ પત્તુ કપાયું

ગાંધીનગર,

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપે બોર્ડ નિગમમાં ચેરમેન સહિતના હોદ્દેદારોની નિયુક્તિ કરવાની કવાયત વધુ તેજ બનાવી છે. જોકે, ભાજપે બોર્ડ નિગમમાં ય હોદ્દેદારોની નિમણૂંક માટે કેટલાંક ધારાધોરણો નક્કી કર્યા છે.૬૦થી વધુ વય હશે આૃથવા તો ત્રણ ટર્મ વિધાનસભાની ચૂંટણી લડયા હશે તો તેવા નેતાઓને બોર્ડ નિગમમાં સ્થાન નહી મળે. જોકે, ભાજપે સામાજીક,રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખી બોર્ડ નિગમમાં નિમણૂંક કરવાની ગણતરી રાખી છે.

તાજેતરમાં જ કેટલાંક બોર્ડ નિગમમાંથી ચેરમેન સહિતના હોદેદારોનુ રાજીનામુ લઇ લેવાયુ હતુ. હવે ફરી નવી નિમણૂંકો કરવા ભાજપે તૈયારીઓ આદરી છે. જિલ્લા-શહેર પ્રમુખો પાસેથી કયા નેતાને બોર્ડ નિગમમાં મૂકી શકાય તે અંગેની યાદી મંગાવાઇ છે. જોકે, સૂત્રોના મતે, ભાજપે બોર્ડ નિગમમાં નિમણૂંકો માટે પણ ધારાધોરણો ઘડયા છે જેમકે, જ્ઞાતિ-સામાજીક પ્રભુત્વ ધરાવતાં નેતાની પ્રથમ પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત ભાજપના સંગઠનમાં હોદ્દો ધરાવતાં હશે તેને તક નહી મળે. આમ છતાંય પસંદગી કરાશે તો સંગઠનના હોદ્દા પરથી રાજીનામુ આપવુ પડશે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં ટીકીટ માટે લાયક હતાં પણ સંજોગોવસાત છેલ્લી ઘડીએ પડતા મૂકાયા હોય, મત વિસ્તારમાં રાજકીય પ્રભુત્વ ધરાવતા હોય તેને સ્થાન મળી શકે છે. સાથેસાથે આ વખતે પક્ષના સર્વેમાં વિધાનસભાની ચૂંટણીમાં ટીકીટ માટે મજબૂત દાવેદાર હોય પણ પક્ષ ટીકીટ આપવા ઈચ્છુક નથી તેવા દાવેદારને પણ બોર્ડ નિગમમાં ચેરમેન કે ડિરેક્ટર પદ આપીને સાચવી લેવા નક્કી કરાયુ છે.

બોર્ડ નિગમમાં મોટાભાગે નવા ચહેરાઓને જ સૃથાન આપવાનુ ભાજપની પ્રદેશ નેતાગીરીએ મન બનાવ્યુ છે. ટૂંકમાં, નવા ચહેરા, સક્ષમ સામાજીક-રાજકીય પ્રભુત્વ ધરાવતાં નેતાઓને જ બોર્ડ નિગમમાં સૃથાન આપવામાં આવનાર છે.




## દુનિયામાં અમેરિકા-ચીન સૌથી અમીર દેશ, ભારતનો નંબર ત્રીજો

ભારતમાં અરબોપતિઓની સંખ્યાંમાં સતત વધારો થઇ રહ્યો છે. અમેરિકા, ચીન પછી ભારત ત્રીજા નંબરનો સૌથી અમીર દેશ બન્યો છે. દેશમાં ૩ કરોડ અમેરિકી ડોલર (અંદાજે ૨૨૬ કરોડ રૂપિયા) અથવા તેનાથી પણ વધારે સંપત્તિ ધરાવતા લોકોની સંખ્યામાં ગયા વર્ષે ૧૧ ટકાની વૃધ્ધિ જોવા મળી છે. અમીરોની સંખ્યામાં વધારો થવા પાછળનું કારણ શેરબજાર અને ડિજિટલ ક્રાંતિ હોવાનું માનવામાં આવે છે.

રિઅલ એસ્ટેટ વિશે પરામર્શ કરતી નાઈટ ફ્રેંકએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારત ૨૦૨૧માં વિશ્વ સ્તર પર અરબપતિઓની વસ્તીમાં ત્રીજા નંબર પર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય શેરબજારમાં તેજી અને ડિજીટલ ક્રાંતિને કારણે અરબપતિઓની સંખ્યામાં વધારો થયો છે.


પ્રતિકાત્મક તસવીર

નાઈટ ફ્રેંકના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા ૭૪૮ અરબપતિઓની સાથે પહેલાં નંબર પર છે. તે પછી ૫૫૪ અરબપતિઓ સાથે ચીન બીજા નંબર પર છે અને ભારત ૧૪૫ અરબપતિ સાથે ત્રીજા નંબર પર છે. સંપત્તિ સલાહકાર નાઈટ ફ્રેંકને ધ વેલ્થ રિપોર્ટ ૨૦૨૨ના તાજા અંકમાં કહ્યું છે કે વૈશ્વિક સ્તર પર સૌથી વધુ અમીર લોકોની સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૯.૩ ટકા વધીને ૬,૧૦, ૫૬૯ થઈ ગઈ છે. જે આગલા વર્ષે ૫,૫૮, ૮૨૮ હતી. નાઈટ ફ્રેંકે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, ભારતમાં ૨૨૬ કરોડ (કરોડ અમેરિકી ડોલર) કરતા વધારે સંપત્તિ ધરાવતા લોકોની સંખ્યામાં ૨૦૨૧માં ૧૧ ટકાની વાર્ષિક આધારે વૃધ્ધિ થઈ છે.

રિપોર્ટમાં કહેવા મુજબ હાઇ નેટવર્થ વાળા અમીરોની સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૧૩,૬૩૭ થઈ છે જે આગલાં વર્ષે ૧૨,૨૮૭ હતી. ભારતમાં સૌથી વધારે અમીરોની સંખ્યા સૌથી વધારે બેંગુલુરુમાં જોવા મળી છે. એ પછી દિલ્હીનો નંબર છે.બેંગલુરુમાં અમીરોની સંખ્યા ૧૭.૧ ટકા વધીને ૩૫૨ થઈ ગઈ છે. દિલ્હીમાં ૧૨.૪ ટકા વધીને ૨૧૦ અને મુંબઈમાં ૯ ટકા વધીને ૧૫૯૬ થઈ છે.નાઈટ ફ્રેંક ઈન્ડિયાના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર શિશિર બૈજલે કહ્યું કે શેરબજારમાં ફુલગુલાબી તેજી અને ડિજિટલ ક્રાંતિને કારણે અરબોપતિની સંખ્યા વધી છે. રિપોર્ટમાં કહેવા મુજબ ભારતાં લગભગ ૬૯ ટકા જેટલાં અમીરોની સંખ્યા આ વર્ષે ૧૦ ટકા જેટલી વધવાની ધારણાં છે.આ રિપોર્ટની વિગત જાણ્યા પછી એવું લાગી રહ્યું છે કે ભારતમાં અમીર વધારે અમીર બની રહ્યો છે અને ગરીબ વધારે ગરીબ થઈ રહ્યો છે.

## ઉત્તર પ્રદેશમાં આજે છઠ્ઠા તબક્કાની ૫૭ બેઠકો પર મતદાન યોજાશે

લખનૌ,

ઉત્તર પ્રદેશમાં પાંચ તબક્કાનું મતદાન પૂર્ણ થઇ ગયું છે. જયારે છઠ્ઠા તબક્કામાં કુલ ૫૭ બેઠકો માટે આવતીકાલ તા.૩ માર્ચના રોજ કડક સુરક્ષા વચ્ચે મતદાન યોજાશે આ તબક્કામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના મત વિસ્તાર ગોરખપુર શહેર બેઠકનો પણ સમાવેશ થાય છે.

આ તબક્કામાં જે ૧૦ જિલ્લાઓમાં મતદાન યોજાશે તેમાં આંબેડકરનગર, બલરામપુર, ગોરખપુર, કુશીનગરનો પણ સમાવેશ થાય છે. આ તબક્કામાં કુલ ૬૭૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જયારે જે મુખ્ય ઉમેદવારો ચર્ચામાં છે તેમાં મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથ, કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અજય કુમાર લલ્લુ, સ્વામી પ્રસાદ મૌર્યનો પણ સમાવેશ થાય છે. સમાજવાદી પાર્ટીએ યોગી આદિત્યનાથ સામે ગોરખપુર બેઠક



પર ભાજપના પૂર્વ નેતા ઉપેંદ્ર દત્ત શુક્લાના પત્નીને ટિકિટ આપી છે.

ઉત્તર પ્રદેશના જે મંત્રીઓ આ તબક્કામાં ચૂંટણી લડી રહ્યા છે તેમાં સુર્ય પ્રતાપ શાહી, સતિષ ચંદ્ર દ્વિવેદી, જય પ્રતાપ સિંઘ, શ્રી રામ ચૌહાણ, જય પ્રકાશ નિશાદનો સમાવેશથાય છે. આ તબક્કાની કુલ ૫૭ બેઠકોમાંથી ૧૧ અનામત છે. જયારે આ તમામ બેઠકોમાંથી ભાજપે ૨૦૧૭માં ૪૬ બેઠકો પર જીત મેળવી હતી. તેથી આ બેઠકો ભાજપ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

## ક્લાઈમેટ ચેન્જના કારણે ભારતમાં મોટાપાયે પૂર અને દુષ્કાળનું જોખમ

નવીદિલ્હી,

ક્લાઈમેટ ચેંજને કારણે દેશના સમુદ્રી કિનારા વાળા શહેરો તેમજ હિમાલયની આસપાસના વિસ્તારો પર મોટી અસરથઈ શકે છે. ઈંટરગવર્નમેંટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેંજ (આઈપીસીસી)ની રિપોર્ટના જણાવ્યા અનુસાર જો ક્લાઈમેટ ચેંજ સામે હાલ પગલા ન લેવામાં આવ્યા તો પુરી દુનિયા માટે પરિણામ બહુ જ ઘાતક સાબિતથઈ શકે છે. હવામાન બદલવાને કારણે વધુ આૃથવા ઓછો વરસાદ, પુર, ગરમીનું પ્રમાણ વધી શકે છે. આ રિપોર્ટમાં વધી રહેલા તાપમાનને કારણે ભારતના કૃષિ ક્ષેત્ર પર માઠી અસર પહોંચશે. ક્લાઈમેટ ચેન્જીસ અને તેની સાથેનાં પરિબળોની તીવ્ર અસરથી ૨૦૫૦ના અંત સુધીમાં એશિયાની ગંગા, સિંધુ, અમૂ દરિયા સહિત અન્ય નદીઓના તટમાં પાણીની તીવ્ર કટોકટી સર્જાઇ શકે છે. ઈન્ટર ગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જીસ (આઇ.પી.સી.સી.)ના અહેવાલમાં આવી ગંભીર ચેતવણી આપવામાં આવી છે. આઇ.પી.સી.સી.ના અહેવાલમાં એવો સંકેત પણ આપવામાં આવ્યો છે કે ક્લાઈમેટની અસરને કારણે ભારતનાં અમદાવાદ અને મુંબઈ શહેરને પણ ગંભીર અસર થવાનું જોખમ છે. ઉદાહરણરૂપે અમદાવાદમાં ગરમીનું પ્રમાણ વધે તેવી શક્યતા છે જ્યારે મુંબઈમાં ચોમાસામાં ભારે વરસાદનાં પાણીનાં પૂરની અને અરબી સમુદ્રની વધી રહેલી સપાટીની સમસ્યા સર્જાય તેવાં પરિબળો ઘુમરાઇ રહ્યાં છે. સંયુક્ત રાષ્ટ્ર સાથે સંકળાયેલી આ રિપોર્ટમાં ચેતવણી અપાઇ છે કે ક્લાઈમેટ ચેંજને કારણે વિશ્વની અડધી વસતી પર ખતરો છે. દરેક પ્રયાસો છતા ઈકોસિસ્ટમમાં કોઈ સુધારો નથી જોવા મળી રહ્યો. અનુમાન મુજબ જો ભારતમાં તાપમાન ૧થી ૪ ડિગ્રી વધે તો ચાવલનું ઉત્પાદન ૧૦થી ૩૦ ટકા ઘટી શકે છે. એટલે કે ભારતના કૃષિ ક્ષેત્ર પર તેની સૌથી વધુ અસર જોવા મળશે.

## રશિયા ભારતને S-400 એર ડિફેન્સ સિસ્ટમ હવે નહીં આપે ?

નવીદિલ્હી,

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલી લડાઈનો આજે સતત સાતમો દિવસ છે. આવામાં હવે એવો સવાલ ઉઠવા લાગ્યો છે કે શું તેની અસર રશિયાની સાથે ભારતની ડિફેન્સ ડીલ પર પડશે? શું પશ્ચિમી દેશો દ્વારા રશિયા પર અનેક આર્થિક પ્રતિબંધો લગાવવાની સ્થિતિમાં એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમની ડિલિવરી પ્રભાવિત થઈ શકે? તેનો જવાબ રશિયાના રાજદૂતે આપ્યો છે.

ભારતમાં રશિયાના રાજદૂત ડેનિસ અલીપોવે કહ્યું કે મને ભારતને એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમની આપૂર્તિ મામલે કોઈ વિઘ્ન દેખાતું નથી. અમારી પાસે આ ડીલને ચાલુ રાખવા માટે તંત્ર છે. તેમણે વધુમાં કહ્યું કે, રશિયા હંમેશા રાખમાંથી ઊભું થયું છે અને તે ફરીથી થશે. અમે સંપૂર્ણ રીતે સુરક્ષિત કરવા માટે પગલું લીધુ છે. અમારી અર્થવ્યવસ્થા દબાણમાંથી બહાર આવશે.

ભારતને રશિયા પાસેથી એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમની પહેલી ખેપ મળી ચૂકી છે. પરંતુ હજુ ચાર અન્ય ડિલિવરી થવાની બાકી છે. રશિયા તરફથી અત્યાર સુધી ડિલિવરીમાં મોડું થવાના કોઈ સંકેત મળ્યા નથી. પરંતુ યુક્રેન સાથે આ સંકટ જો લાંબુ ચાલ્યું તો તે ચિંતાનો વિષય જરૂર બની શકે છે. આ ઉપરાંત CAATSA કાયદા હેઠળ ખરીદી બદલ અમેરિકા ભારત પર પ્રતિબંધ લગાવે એ અલગ સંભાવના છે. અત્યાર સુધીમાં અમેરિકા ચીન અને તુર્કી પર પ્રતિબંધ લગાવી ચૂક્યું છે, પરંતુ ભારતને નજરઅંદાજ કરવામાં આવ્યું છે.

રશિયા-યુક્રેન સંકટના કારણે વૈશ્વિક બજાર પર જોખમ યથાવત છે. દુનિયાભરના શેરબજાર ખરાબ રીતે પ્રભાવિત થયા છે. કેટલાક દેશોની કરન્સી વેલ્યૂ પર અસર પડી છે. તેને ભૂ-રાજનીતિક તણાવની વધુ ખરાબ અસર ગ્લોબલ માર્કેટ પર જોવા મળી શકે છે. જાણીતી ફાઈનાન્શિયલ એન્ડ રિસર્ચ કંપની નોમુરાના રિપોર્ટ મુજબ યુક્રેન સંકટના કારણે એશિયામાં સૌથી મોટી અસર ભારત પર થઈ શકે છે. ક્રૂડ ઓઈલની આકાશને આંબતી કિંમતોની અસર ભારતને સૌથી વધુ પ્રભાવિત કરી શકે છે.

# મહીસાગર જિલ્લાના ખેડૂતોના ઘઉં લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી ઓનલાઇન નોંધણી કરાવી શકશે

લુણાવાડા, ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવી માર્કેટીંગ સીઝન ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી પ્રતિ કિવન્ટલ રૂા.૨૦૧૫/-(પ્રતિ મણ રૂા. ૪૦૩/-)ના ભાવથી ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે.

લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છા ધરાવતા મહીસાગર જિલ્લા સહિત રાજ્યના ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક કક્ષાએ ગ્રામ્ય કક્ષાએ VCE દ્વારા તથા તાલુકા કક્ષાએ પુરવઠા નિગમના ગોડાઉન ખાતે તા.૦૨/૦૩/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી કરવામાં આવશે. તે મુજબ નોંધણી કરાવવા તમામ ખેડૂતોને જાણ કરવામાં આવે છે.

નોંધણી માટે જરૂરી પુરાવા તરીકે કે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમુનો ૭, ૧૨ ૮-અની નકલ ગામ નમુના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઇ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીના સહી સિક્કા સાથેનો દાખલો ખેડુતના નામના બેન્ક ખાતાની વિગત જેમ કે બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે.

રાજ્યમાં ઘઉં પકવતા ખેડૂતો તેઓનો પાક લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઇન નોંધણી ફરજીયાત હોઇ આ માટે સંબંધિત ગ્રામપંચાયત અને તાલુકા કક્ષાએ પુરવઠા નિગમના ગોડાઉનનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ છે.નોંધણી બાબતે કોઇ મુશ્કેલી જણાય તો હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

મહીસાગર જિલ્લાનાખેડૂતોએ નોંધણી માટે VCE ને કે ગોડાઉન કક્ષાએ કોઈ પણ રકમ ચૂકવવાની રહેતી નથીજેની નોધ લેવા નાયબ જિલ્લા મેનેજર લુણાવાડા-મહીસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# મહીસાગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના ૨૨,૫૪૨ બહેનોને રૂ.૫.૮૬ કરોડથી વધુની રકમ આર્થિક સહાય પેટે ચૂકવાઈ

લુણાવાડા, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા સહાય યોજના) અન્વયે લાભ મેળવતા બહેનોએ પોતાની હયાતી અંગેની ખરાઈ દર વર્ષે કરાવવાની થાય છે. જો આવી હયાતી અંગેની ખરાઈ કરાવવામાં ન આવે તો યોજનાકીય સહાય સ્થગિત થઇ શકે છે.

મહીસાગર જીલ્લાની ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા સહાય યોજના) હેઠળ સહાય મેળવતા તમામ બહેનોએ તાત્કાલિક- જેમ બને તેમ જલ્દીથી આપની નજીકના આંગણવાડી કેન્દ્ર કે ગ્રામપંચાયત ખાતે અથવા મામલતદાર કચેરી ખાતે પોતાના બેક પાસબુકની નકલ, આધારકાર્ડ સાથે હાજર રહી પોતાની હયાતી અંગેનું વેરીફીકેશન કરાવી લેવાનું રહેશે તેમજ જે ગંગા સ્વરૂપા બહેનો હાલમાં હયાત નથી તેવા બહેનોના કુટુંબીજન દ્વારા આ અંગેની જાણ પુરાવા સાથે પોતાના તાલુકાની મામલતદાર કચેરી ખાતે કરવા જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, મહીસાગર લુણાવાડા દ્વારા જણાવવામાં આવે છે.

વધુમાં મહીસાગર જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના ૨૨,૫૪૨ બહેનોને રૂ.૫.૮૬ કરોડથી વધુની રકમ આર્થિક સહાય પેટે ચૂકવાઈ છે તેમ મહિલા અને બાળ અધિકારી લુણાવાડા-મહીસાગરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# યુક્રેન થી પરત આવેલ વિદ્યાર્થી અને પરિવારની મુલાકાત લેતાં સંતરામપુર પ્રાંત અને મામલતદાર


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, યુકેનમાં અભ્યાસ કરવા ગયેલા વિદ્યાર્થી અને તેમના પરિવારની પ્રાંત અધિકારી અને મામલતદાર મુલાકાત લીધી. સંતરામપુર નગરમાં સંતરામપુર તાલુકાના અને સંતરામપુર નગરના ચાર વિદ્યાર્થીઓ યુક્રેનમાં મેડીકલ માટે અભ્યાસ કરવા માટે ગયા હતા. જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓ પરત આવ્યા હતા અને એક હાલમાં યુકેનમાં ફસાયેલા છે. જેના અંગે મહિસાગર જિલ્લાના કલેકટરના આદેશ મુજબ પ્રાંત અધિકારી અને મામલતદાર વિદ્યાર્થી અને પરિવારની મુલાકાત લીધી હતી અને તેમને શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થી અનિકેત દીપકકુમાર પાઠક ૨૦ તારીખ ના રોજ પરત આવેલા હતા વિદ્યાર્થી કુંજલ કુમાર ચેતનભાઈ પટેલ બે તારીખના રોજ પરત આવેલા હતા. વિદ્યાર્થી હેતલબેન ઇશ્વરભાઇ તાવિયાત પરત આવેલા હતા. આ તમામની પરિવારોને અને વિદ્યાર્થીઓને મુલાકાત લઇ તેમને અભિનંદન પાઠવ્યા હતા જ્યારે વિદ્યાર્થી મુનિ જીમી બેન પંકજભાઈ જેઓ હાલ યુક્રેન સરહદ પાર કરી પોલેંડ દેશમાં ગયા છે સુરક્ષિત છે મારી સાથે મુલાકાત કરી હતી.



સંતરામપુર નગરમાં મહાશિવરાત્રી નિમિત્તે બ્રાહ્મણ સમાજ દ્વારા આજરોજ વરઘોડો કાઢવામાં આવેલો હતો. જેમાં અલગ અલગ વિસ્તારોમાં હર હર મહાદેવના નારા સાથે ૧૫૦ વર્ષ પરંપરાથી ચાંદીની પાલખી યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો જોડાયા હતા. મહાદેવના મંદિરે મોટા પાયે ભંડારાનું આયોજન કરવામાં આવેલું હતું. દિવસ દરમિયાન પ્રસાદ અને હવન પણ કાર્યક્રમ યોજાયો હતો.

# બ્રહ્માકુમારીઝ ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય ગોધરા દ્વારા ૮૬ મી ત્રિમૂર્તિ શિવજયંતિ નિમિત્તે શિવધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો




ગોધરા, બ્રહમાકુમારીઝ ઇશ્વરીય વિશ્વ વિદ્યાલય ગોધરા દ્વારા ૮૬ મી ત્રિમૂર્તિ શિવજયંતિ નિમિત્તે શિવદવજારોહણનો કાર્યક્રમ સેવાકેન્દ્રના પ્રાંગણમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બ્ર.કુ.ભાઇ બહેનો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ કામિનીબેન સોલંકી તથા પત્રકાર પ્રદીપભાઇ સોની હાજર રહી શિવ દ્વજારોહણ કર્યુ હતું. પંચમહાલ, દાહોદ અને મહીસાગર સેવાકેન્દ્રના મુખ્ય સંચાલિકા રાજયોગિની બ્ર.કુ. સુરેખાદીદીએ શિવજયંતિ નિમિત્તે આશીર્વચન આપ્યા હતા.

# પંચમહાલ-મહિસાગર જીલ્લાના વન વિભાગ, પાનમ સિંચાઈ અને માર્ગ મકાનમાં રોજમદારને મળવા પાત્ર લાભ આપવા હાઈકોર્ટનો હુકમ

ગોધરા, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પંચમહાલ અને મહિસાગર જિલ્લાના વન વિભાગ તથા પાનમ સિંચાઈ અને મકાન અને માર્ગ વિભાગ પંચાયતના રોજમદાર તરીકેની સળંગ નોકરી ઘણી ૩કામદારોને પેન્શન ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ તથા મળવાપાત્ર તમામ પ્રકારના લાભો આપવાનો આદેશ થતાં લાંબા સમય બાદ લાભો મળતા કામદારોના પરિવારમાં આનંદની લહેર.

પંચમહાલ જિલ્લા મા આવેલ પાનમ યોજના વર્તુળ ની નાયબ કાર્યપાલક ઈજનેર પાનમ સિંચાઈ પેટા નંબર.૨ ની મોરવા રેણા ની કચેરીમાં તારીખ ૬/૯/૮૨ થી રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા પરમાર રઈજી ઉદા તારીખ ૩૦/૧૧/૦૬ ના રોજ નોકરીમાંથી નિવૃત્ત થયેલ તેમજ મકાન અને માર્ગ વિભાગ પંચાયત લુણાવાડા જીલ્લો મહીસાગર મા રોજમદાર તરીકે તારીખ ૨૧/૯/૭૩થી ફરજ બજાવતા ડામોર બાબુભાઈ ઉજમા ભાઈ તારીખ ૩૦/૬/૧૮ ના રોજ તેમની નોકરીમાંથી નિવૃત્ત થયેલ તથા વનવિભાગના પરિક્ષેત્ર વન અધિકારી ખાનપુર રેન્જ માં રોજમદાર તરીકે તારીખ ૧/૪/૭૪ થી ફરજ બજાવતાભગવાનભાઈ મોતીભાઈ ડામોર તારીખ ૩૦/૧૧/૧૨ નિવૃત થયેલ નિવૃત્તિ સમયે મળવાપાત્ર પેન્શન ગ્રેજ્યુટી ૩૦૦ રજાઓ તેમજ મળવાપાત્ર અન્ય ભથ્થાઓ ની ચૂકવણી કર્યા સિવાય તેમની લાંબા સમયની નોકરીમાંથી નિવૃત્ત કરી દીધેલ આ ત્રણ કામદારોએ તેમને થયેલા અન્યાય બાબતે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એસ.એસ.ભોઈ નોસંપર્ક કરતા ફેડરેશન દ્વારા આ કામદારોને રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પેન્શન પેન્શન તફાવત ગ્રેજ્યુટી ૩૦૦ રજા તથા મળવાપાત્ર તમામ પ્રકારના હક્કો ચૂકવી આપવા લાગતા વળગતા અધિકારીઓને નોટિસ પાઠવી પરંતુ નોટિસો કોઈ યોગ્ય પ્રત્યુત્તર ન મળતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન દાખલ કરવામાં આવેલ જે કામે ફેડરેશનના એડવોકેટ દીપક દવે હાજર રહેલ અરજી ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૩ કામદારોને રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી પેન્શન તફાવત ૩૦૦ રજાઓ અને મળવાપાત્ર તમામ પ્રકારના હકો ચૂકવી આપવાનો આદેશ કરતા કામદારો અને કામદારોના પરિવારોમાં અનેરો ઉત્સાહ અને આનંદ છવાયો છે.

# મહિલા ITI ગોધરા ખાતે મહિલા ઉમેદવારો માટે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનાર યોજાશે

ગોધરા, જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા પંચમહાલ દ્વારા તા.૦૪.૦૩.૨૦૨૨નાં રોજ સવારે ૧૦.૩૦ કલાકે માત્ર મહિલા ઉમેદવારો માટે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહિલા ઉમેદવારોને અનુબંધમ પોર્ટલ રજિસ્ટ્રેશન માર્ગદર્શન તેમજ સ્વરોજગારલક્ષી એજન્સી દ્વારા સ્વરોજગારલક્ષી લોન સહાય યોજના અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે તેમજ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળામાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે ૧૨ પાસ, આઈ.ટી.આઈ. ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા માત્ર મહિલા ઉમેદવારોને ૧૮ થી ૩૦ વર્ષ વયમર્યાદા ધરાવતા અનુભવી-બિન અનુભવી મહિલા ઉમેદવારોને ખાનગીક્ષેત્રમાં રોજગારીની તક પૂરી પાડવામાં આવશે. આ ઔદ્યોગિક રોજગાર ભરતી મેળામાં પંચમહાલ જિલ્લાનાં એમ.જી. મોટર્સ ઈન્ડિયા લિમિટેડ, હાલોલ દ્વારા ટ્રેઈનીની જગ્યા માટે પસંદગી કરવામાં આવશે. ઔદ્યોગિક રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માંગતા અને રોજગાર કચેરીની સેવાઓનો અવિરત લાભ લેવા માટે અનુબંધમ પોર્ટલ https:/anubandham.gujarat.gov.in વેબસાઈટ પર જોબસીકર તરીકે રજિસ્ટ્રેશન કરાવવા તથા ઔદ્યોગિક રોજગાર ભરતી મેળામાં ભાગ લેવા રોજગાર અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે. મેળો મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (મહિલા આઈ.ટી.આઈ.) ગોધરા-દાહોદ હાઈવે રોડ, ગોધરા, પંચમહાલ ભરતીમેળામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ કોરોના ગાઈડલાઈનનું ફરજિયાત પાલન કરવાનું રહેશે.

# ઝાલોદના રળિયાતી ભુરા ગામે પરિણિતાને માનસિક ત્રાસ આપતા ફરિયાદ

દાહોદ, ઝાલોદ તાલુકાના રળિયાતી ભુરા ગામની પરિણિતાએ પોતાના પતિ તથા સાસુ-સસરા વિરુદ્ધ શારીરિક તથા માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી છે.

ઝાલોદ તાલુકાના પારેવા ગામે રહેતા લક્ષ્મીબેન વાલુભાઈ ભુરિયાના લગ્ન દોઢ વર્ષ અગાઉ રળિયાતી ભુરા ગામે મુનીયા ફળિયામાં રહેતા આશિષભાઈ નરસિંગભાઈ મુનીયા સાથે થયા હતા. લગ્નના થોડા સમય સુધી તેઓનો સંસાર ચાલ્યો હતો. ત્યારબાદ પતિએ પોત પ્રકાશ્યુ હતુ. અને સસરા નરસિંગભાઈ વિરાભાઈ મુનીયા અને સાસુ પીથાબેન મુનીયા દ્વારા શારીરિક તથા માનસિક ત્રાસ આપી હેરાન-પરેશાન કરવાનુ ચાલુ કરી દીધુ હતુ. લક્ષ્મીબેનને ગાળો બોલી અમારે તને રાખવી નથી. તુ અમને ગમતી નથી. તારા પિતએ તને કન્યાદાનમાં કશુ આપ્યુ નથી તેમ કહી શારીરિક તથા માનસિક ત્રાસ આપી તેઓને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતા લક્ષ્મીબેન પોતાના પિયર આવી પતિ તથા સાસુ-સસરા વિરુદ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરાના ધારાસભ્યના જન્મદિવસ નિમિત્તે મેડિકલ, વેકસીનેશન કેમ્પ અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરાયું



ગોધરા, પંચમહાલ ગોધરા વિધાનસભા ના ધારાસભ્યસી.કે.રાઉલજીનો જન્મદિવસ શિવરાત્રી ના શુભ દિવસે હતો. ગોધરા તાલુકા ભાજપા અને વિવિધ સમાજ, સંસ્થાઓ અને સંગઠનો દ્વારા તેઓનાં જન્મદિન નિમીતે શુભેચ્છા મુલાકાત કરી, કેક કાપી અને તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘઆયુની શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવેલ હતી.

ગોધરા તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા મહેલોલ, સાંપા, ઓરવાડા PHC સેન્ટર, પટેલવાડા ગોધરા અર્બન સેન્ટર, ખાડી ફળીયા અર્બન હેલ્થ સેન્ટર ખાતે મેડિકલ/વેકસીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેઓ ઉપસ્થિત રહી આંગણવાડી આશા બહેનો, તેડાઘર બહેનોને પ્રશસ્તિ પત્ર તથા સાડી આપી સન્માન કર્યું.

ગોધરા તાલુકા અને શહેર ભારતીય જનતા પાર્ટી મહિલા મોરચા દ્વારા ચિલ્ડ્રન હોમ ખાતે, બક્ષીપંચ મોરચા દ્વારા સિવિલ હોસ્પિટલ ગોધરા અને એસ.ટી મોરચા દ્વારા બહેરા મુંગા વિદ્યાલય ખાતે ફ્રુટ વિતરણ અને કિસાન મોરચા દ્વારા પરવડી ખાતે ગૌ માતાને ઘાસ વિતરણ કરવામાં આવ્યું હતું.

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોધરાના ચેરમેનરાજેન્દ્રસિંહ વી.ચૌહાણ અને કમીટી સભ્યશ્રીઓ દ્વારા તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને અવિરત સફળતાના શિખરો પ્રાપ્ત કરે તે માટે જન્મદિવસે શુભેચ્છા સંદેશ પાઠવેલ.

ધારાસભ્ય દ્વારા શિવાલયની મુલાકાત લઈ શિવસવારીમાં જોડાયા હતા અને વિવિધ મંદિરોની મુલાકાત કરી સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરેલ હતા અને પોતાના જન્મદિનને શુભેચ્છાઓ અને શુભકામનાઓ પાઠવાનાર તમામનો સહદયપુર્વક આભાર વ્યક્ત કરેલ.

# ગોધરા ઉસ્માને ગની (રદિ) પ્રા.શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ



ગોધરા, ઉસ્માને ગની (રદિ) પ્રા.શાળા ગોંદરા ગોધરામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ધો.૬ થી ૮ના બાળકો દ્વારા વિજ્ઞાન વિષયની જુદી-જુદી લગભગ ૨૦ જેટલી કૃતિઓ તૈયાર કરી વિદ્યાર્થીઓ સમક્ષ મુકવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ખૂબ જ સારી રીતે અન્ય વિદ્યાર્થીઓને સમજુતી આપી. લોક વિજ્ઞાન કેન્દ્ર ગોધરાના કાર્યકારી પ્રમુખ ડૉ. સુજાઅત વલી અને તેમની ટીમ દ્વારા આ કૃતિઓને નિહાળવામાં આવી અને વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું તથા તેમના દ્વારા પ્રથમ ત્રણ ક્રમ ધરાવનાર કૃતિઓને પ્રોત્સાહનના ભાગરૂપે ઈનામ પણ આપવામાં આવ્યું. આ ઉપરાંત બાળકો ભવિષ્યમાં વિજ્ઞાન વિષયમાં વધુ રસ ધરાવે તે હેતુથી વિજ્ઞાન લેબ બનાવવા માટે શાળાને રૂા.૫૦૦૦૦ની ચેક દ્વારા સહાય આપવામાં આવી. શાળાના આચાર્ય તરફથી પણ તમામ બાળકોને પ્રોત્સાહન ભાગરૂપે ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી.

# મુવાલિયા ક્રોસિંગ પોલ્ટ્રી ફાર્મ પાસે રસ્તામાં રોકી ઉછીણા પૈસા માટે પથ્થર મારી યુવકનું માથું ફોડ્યુ

દાહોદ, દાહોદના ઈન્દૌર હાઈવે રોડથી મુવાલિયા ક્રોસિંગ પોલ્ટ્રી ફાર્મ પાસે એક યુવકને રસ્તામાં રોકી ઉછીણા આપેલા રૂપિયા પાછા કેમ નથી આપતો કહી ઉશ્કેરાઈ જઈ પથ્થર છુટ્ટો મારી ઘાયલ કરી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપતા એક હુમલાખોર વિરુદ્ધ તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવવા પામ્યો હતો. દાહોદ તાલુકાના રાબડાલ હરિકૃષ્ણ સોસાયટીમાં રહેતો તુષારભાઈ ગોપાલભાઈ મહાવર ઈન્દૌર હાઈવે રોડથી મુવાલિયા ક્રોસિંગ પોલ્ટ્રી ફાર્મ બાજુ આવતો હતો તે દરમિયાન ગોધરા રોડ રાજકમલ હોટલથી પાછળ રહેતો મનોજ કેશવભાઈ મખોડિયાએ તેને બિભત્સ ગાળો બોલી ઉભો રાખ્યો હતો જેથી તુષારે તેને ગાળો બોલવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ જઈ ઉછીણા આપેલા રૂપિયા મને પાછા કેમ નથી આપતો તેમ કહી પથ્થર ઉઠાવી છુટ્ટો મારતા તુષારને માથાના કાનની ઉપર ઈજાઓ થતાં લોહિલુહાણ થઈ ગયો હતો. જેથી તુષારે બુમાબુમ કરતા આજુબાજુથી માણસો ભેગા થઈ જતા ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતો મનોજ ત્યાંથી નાસી ગયો હતો. આ સંભર્દે તુષારભાઈ ગોપાલભાઈ મહાવરે હુમલાખોર મનોજ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરાના એવરેસ્ટ કોમ્પ્લેક્ષ પાસે ઉભરતા ખારકુવાના ગંદા પાણીના દુર્ગંધથી લોકો ત્રાહિમામ



ગોધરા, ગોધરાના સ્ટેશન રોડ વિસ્તરમાં આવેલ એવરેસ્ટ કોમ્પલેક્ષ પાસે ઉભરાતા ખાર કૂવાના ગંદા પાણી કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે છેલ્લા ઘણા સમય થી સતત ઉભરાતા ખાર કૂવાના ગંદા પાણીને કારણે સ્થાનિક રહીશો તેમજ વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે કોમ્પલેક્ષ ના રહિશો તેમજ દુકાનદારોને સહ્ય દુર્ગંધ મારી રહેલ રસતેથી પસાર થવુ પડી રહ્યુ છે રસ્તા ઉપર ભરાયેલા ગંદા પાણી ને કારણે વેપારીઓ ના ધંધા રોજગાર ઉપર અસર પડી રહી છે સાથે લોકો ને ગંભીર બીમારીમાં સપડાવવાનો ભય પણ સતાવી રહ્યો છે.

છેલ્લા ઘણા સમય થી ભારે હાલાકી ભોગવી રહેલ લોકોએ જીલ્લા કલેકટર તેમજ ગોધરા નગરપલિકાના પ્રમુખ સંજય ભાઈ સોનીને લેખિત કે રજૂઆત કરવામાં આવી છે જે રજૂઆત અનુસંધાને પાલિકા પાલિકા પ્રમુખ દ્વારા સમસ્યાના વ્હેલી તકે નિરાકરણ લાવવામાંટેની ખાતરી આપવામાં આવી છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : કામકાજમાં પ્રસન્નતા જળવાઈ રહેશે, સ્નેહીના સંપર્કથી લાભ થશે, વ્યવસાયમાં વૃદ્ધિ થશે, પરિવારના સુખમાં વૃદ્ધિ થશે.

વૃષભ (બ.વ.ઉ.) : સરકારી કામમાં સફળતા મળશે, કરેલા કાર્યો ફળદાઈ બનશે, નોકરી બાબતે સારા સમાચાર મળશે, ધંધામાં લાભ મેળવી શકશો.

મિથુન (ક.છ.ઘ.) : કામમાં નિરાશાનો અનુભવ થશે, સંતાનના પ્રશ્નોમાં ચિંતા જણાશે, ઈષ્ટમિત્રોનો સહયોગ મળશે, ધર્મપ્રત્યેની શ્રધ્ધામાં વધારો થશે.

કર્ક (ડ.હ.) : ધન અને માનનો વ્યય જણાશે, નોકરીમાં પરેશાની રહેશે, માનસિક તણાવ જણાશે, વ્યવસાયમાં પ્રગતિ અને લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : દરેક કામકાજમાં સફળતા મળશે, ધંધામાં નવી તકો મળશે, નોકરીમાં બઢતીની તકો મળશે, પારિવારિક સબંધોમાં લાભ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધંધાનાં કામમાં સફળતા મળશે, પ્રતિસ્પર્ધી પક્ષથી વિજય મેળવશો, આત્મવિશ્વાસમાં વધારો થશે, ઘરમાં આનંદનું વાતાવરણ જળવાશે.

તુલા (ર.ત.) : ભાગીદારો સાથે વૈચારિક મતભેદ જણાશે, નવા સબંધોમાં નિરાશા જણાશે, નોકરીમાં નવી તકો મળશે, સંતાનપક્ષે શુભ સમાચાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : પરિશ્રમ પછી પણ કામ અધુરુ જણાશે, સ્વજનોના હસ્તક્ષેપથી મન વિચલીત જણાશે, નોકરીમાં સહયોગીઓનો સહકાર મળશે, વ્યવસાયમાં ધનલાભ થશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આજે ભાગ્ય અનુકુળ જણાય છે, રાજનૈતિક ક્ષેત્રમાં પ્રગતિ જણાશે, વિકાસના કાર્યોમાં ગતિ આવશે, દિવસ આનંદમાં પસાર થશે.

મકર (ખ.જ.) : વાદ-વિવાદના કામથી બચવુ, આર્થિક સ્થિતિમાં મધ્યમ સુધારો જણાય છે, ધંધામાં પ્રગતિ અને ધનલાભ થશે, પરિવારમાં સામાન્ય અશાંતિ જણાશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : કામની સફળતામાં ખુશી અનુભવશો, નોકરીમાં પ્રમોશન અથવા શાંતિ મળશે, સ્વજનોનો સહયોગ મળશે, ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ.) : માનસિક તણાવ જણાશે, કામમાં મધ્યમ સફળતા મળશે, વિરોધીઓથી સાવધાન રહેવુ, નિરાશાથી દુર રહેવુ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ પાલિકાએ સેન્ટ્રલ વોટર વર્કસ ટાંકીના જોડાણ માટે ત્રણ દિવસ પાણી બંધ કરાયું

દાહોદ,

દાહોદ નગરપાલિકા દ્વારા સેન્ટ્રલ વોટર વર્ક્સ ખાતે ૧૫ લાખ લીટરની નવીન બનાવેલ ટાંકીના જોડાણ માટે પાલિકા દ્વારા દાહોદ શહેરમાં આગામી ત્રણ દિવસ પાણીનો સપ્લાય બંધ કરી દેવામાં આવ્યું છે. ત્યારે દાહોદ નગરપાલિકા પ્રમુખ તેમજ સુધરાઈ સભ્યો આજરોજ સેન્ટ્રલ વોટર ખાતે ચાલી રહેલા નવીન ટાંકીના જોડાણ (જંક્શન) ખાતે નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા.

દાહોદ શહેરને સ્માર્ટ સિટી માં સામેલ કર્યા બાદ શહેરમાં તમામ વિસ્તારોમાં સ્માર્ટ સીટી અંતર્ગત ઠેર-ઠેર ખોધકામ કરી દેવામાં આવી છે. જેના લીધે કેટલી જગ્યાએ પાણીની પાઈપલાઈન લીકેજ થતા પાણીનો સપ્લાય અનિયમિત થવા પામ્યો છે. ત્યારે બીજી તરફ સેન્ટ્રલ વોટર વર્ક્સ ખાતે ૧૨ લાખ લીટરની જૂની ટાંકીમાં દાહોદ શહેરનો વ્યાપ વધતા પાણીનો વપરાશ વધવા પામ્યો છે.જેના લીધે પૂરતા પ્રમાણમાં સપ્લાય માટે મુશ્કેલીઓ સર્જાઇ રહી હતી. તેમજ વારંવાર કોઠા પ્રેશરથી પાણી મળતું હોવાની શહેરીજનોને ફરિયાદને ધ્યાને લઈ તથા આગામી આકરા ઉનાળાના સિઝનમાં દાહોદ નગરજનોને પાણીની સમસ્યા ઉભી ન થાય અને નિયમિત રીતે પ્રેસરથી પાણી મળે તે માટે દાહોદ નગરપાલિકા દ્વારા સેન્ટ્રલ વોટર પાર્ક ખાતે વધુ ઊંચાઈ ધરાવતી ૧૫ લાખ લીટર કેપેસિટી ની નવીન કાકી બનાવવામાં આવી છે. તેમજ જૂની પાઇપલાઇનમાં જેથી કરીને લીકેજ હોવાના લીધે દાહોદ ના શહેરીજનોને પીવાના પાણીની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. તેની કાયમી નિકાલ માટે દાહોદ નગરપાલિકા દ્વારા નવીન ટાંકીમાં પાઇપ લાઈનનું જોડાણ જંક્શન કરવાનું હોવાથી દાહોદ નગરપાલિકા દ્વારા આગામી ત્રણ દિવસ પાણીનો સપ્લાય બંધ કરી આજથી ટાંકીનું જોડાણ માટે નું કાર્ય આજથી શરૂ કરવામાં આવ્યું હતું. જેના સંદર્ભમાં દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, પક્ષના નેતા રાજેશભાઈ સેહતાઈ, કારોબારી ચેરમેન લખનભાઈ રાજગોર, પાલિકા સુધરાઈ સભ્યો, તેમજ સંલગ્ન વિભાગના કર્મચારીઓ સેન્ટ્રલ વોટર વર્ક્સ ખાતે પાઈપલાઇનના જોડાણની કામગીરીનું નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા.જ્યા પાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલે જણાવ્યું હતું કે દાહોદ નગરપાલિકા દ્વારા નવી ટાંકી સાથે પાઇપ લાઈન નું જોડાણ થયા બાદ દાહોદના નગરજનોને પૂરતા પ્રમાણમાં પ્રેસરથી નિયમિત રૂપે પાણીનો સપ્લાય મળી રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલેખનીય છે કે દાહોદ શહેરના ચાર ઠેકાણે પાઈપલાઈનનું ટાંકી સાથે જોડાણનું કામ ચાલી રહ્યું છે. જેમાં અગાઉ પણ ત્રણ દિવસ પાણીનો સપ્લાય બંધ રાખી પાઈપલાઈનનું ટાંકી સાથે જોડાણ કરવામાં આવ્યું હતું. ત્યારે આજે પણ બીજા તબક્કાનો જોડાણ ચાલી રહ્યું છે અને અગામી નજીકના સમયમાં બાકી રહેલા બાકીના બે જોડાણો પૂર્ણ કર્યા બાદ દાહોદ શહેરના તમામ વોર્ડમાં નિયમિત રૂપે જેસર થી પાણી મળી રહેશે તેવું નગરપાલિકા સૂત્રો દ્વારા કહેવામાં આવી રહ્યું છે.

# તેલંગાણાની માનસિક અસ્થિર યુવતીને સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ દ્વારા વતન પરત પહોંચાડી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં છેલ્લા અઢી વર્ષથી ભારત સરકાર પુરસ્કૃત મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર અને બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ કાર્યરત છે. જેમાં અત્યાર સુધી ગુજરાત તથા ગુજરાત બહારની એવી બહેનો જે ઘર પરિવારથી વિખૂટી કે ભૂલી પડેલી માનસિક અસ્થિર હોય તેમને પોતાના પરિવાર સુધી પહોચાડવામાં મદદરૂપ થઈ છે.

તારીખ ૪/૨/૨૦૨૨ ના રોજ દાહોદ રેલ્વે સ્ટેશન ખાતેથી આશરે ૨૦ વર્ષની માનસિક અસ્થિર યુવતીને ૧૮૧ મહિલા અભયમ ટીમ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે સલામતી,આશ્રય અને ઘર પરિવાર મળી રહે તે આશયે લાવવામાં આવેલ. સેન્ટર ખાતે લાવ્યા બાદ આ યુવતી સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરતાં તે ભાષા ફેરને કારણે તથા ગભરાયેલી હોવાથી બોલી શકી ના હોય તેને તાત્કાલિક આશ્રય આપી યુવતીને શાંતિથી પૂછવાનો પ્રયત્ન કરતાં તે તેલગુ તથા અંગ્રેજી ભાષા જાણતી હોય તેના રાજ્યનું નામ તેલંગાણા જણાવેલ. જેથી સખી વન સ્ટોપ સેન્ટર નિઝામબાદનો સંપર્ક કરી તેની સાથે ટેલિફોનિક વાતચીત કરાવેલ પરંતુ તેમને પણ સરખો જવાબ આપી શકી ન હતી. આ યુવતીને તબીબી સારવાર અપાવ્યા બાદ તેની સ્થિતિમાં થોડો સુધારો આવતા તે તેલંગાણાના કોઠેગુંડેમના હોવાનું જણાવેલ. જેથી કોઠેગુંડેમના સખી વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરી તેની સાથે ટેલિફોનીક વાતચીત કરાવેલ પરંતુ માનસિક અસ્થિરતાને કારણે તેમને પણ યોગ્ય જવાબ આપ્યો નહીં. પણ ત્યાંની સ્થાનિક ભાષા બોલતી હોવાથી એ નક્કી હતું કે તે આજુબાજુના ગામની જ હશે.જેથી તેના ફોટા અને આપેલી માહિતી સોસિયલ મીડિયાના માધ્યમથી કોઠેગુંડેમના સખી વન સ્ટોપ સેન્ટર તથા ત્યાંના દમપેટેના પોલીસને પણ આપેલ.

જિલ્લા સેવા સદન ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ અધિકારીની કચેરી, દાહોદ દ્વારા મહિલા અને બાળ અધિકારી રોહન ચૌધરી તથા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી પરેશ પટેલ દ્વારા માનનીય દાહોદ જિલ્લા કલેક્ટર ડો.હર્ષિત ગોસાવીને આ યુવતી બાબતે ચર્ચા કરી. જેમણે આ યુવતીને વતન પરત પહોંચાડવા માટે ઝડપથી કાર્યવાહી કરવા જણાવેલ.ત્યાર બાદ યુવતીને વતન પહોંચાડવા તેની સલામતી માટે દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસર ને રજૂઆત કરેલ. તેમણે તારીખ ૨૮/૨/૨૦૨૨ના રોજ સખી વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે થી યુવતીને સલામત તેલંગાણા કોઠેગુંડેમ વતન પરત લઈ જવા માટે સખી વન સ્ટોપ સેન્ટર દાહોદના કેન્દ્ર સંચાલક અંકિતાબેન પલાસ સાથે બે કોન્સ્ટેબલ નામે ડોડીયા કોમલબેન તથા ભીલ ઘુઘાભાઈ ટ્રેન મારફતે ૧.૨૮૩.૬ કિલોમીટરનુ અંતર કાપી કોઠેગુંડેમના સખી વન સ્ટોપ સેન્ટર પહોંચેલ. યુવતીએ ત્યાં પહોચી ખુશ થઈ આભાર વ્યકત કરેલ. જ્યાં કોઠેગુંડેમના સખી વન સ્ટોપ સેન્ટર ખાતે યુવતીની સોંપણી કરી અને ટુંક સમયમાં તેના પરિવારને શોધી ઘરે પહોંચાડસે તેવી ખાતરી પૂરી પાડેલ.

# દાહોદના રાબડાલ ગામે ઈકોમાં લઈ જવાતો વિદેશી દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના રાબડાલ ગામે પોલીસે એક ઇકો ફોરવીલ ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂપિયા ૫૦,૪૩૦ ના પ્રોહી જથ્થા સાથે ચાલક સહિત બે જણાની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તારીખ ૧ માર્ચ ના રોજ દાહોદ તાલુકા પોલીસને મળેલ બાતમીના આધારે રાબડાલ ગામે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના મોટા વાહનોની તપાસ હાથ ધરતા હતા. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ઈકો ફોરવીલ ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ઈકો ફોરવિલ ગાડી નજીક આવતાની સાથે તેને જ્યારે તરફથી પોલીસે ઘેરી લીધી હતી અને ગાડીની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૩૩૯ જેની કુલ કિંમત રૂપિયા ૫૦,૪૩૦ના પ્રોહીબીશન જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૨,૬૦,૫૯૦ ના મુદ્દામાલ સાથે અર્જુનભાઈ શંકરભાઈ ડામોર અને સંજયભાઈ દિનેશભાઈ ડામોર બંને (રહે. લીમખેડા, જિલ્લો દાહોદ) ની અટકાયત કરી દાહોદ તાલુકા પોલીસે બંનેની પૂછપરછ કરતા આ વિદેશી દારૂનો જથ્થો મધ્યપ્રદેશના પીટોલ ખાતે રહેતા કરણભાઈ મછાર પાસેથી લઈ આવ્યા હોવાનું જણાવ્યું હતું. દાહોદ તાલુકા પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂદ્દ્ય પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ તાલુકાના ગરાડું નજીક ST બસમાં આગ લાગી : મુસાફરોનો આબાદ બચાવ



ઝાલોદ,

ઝાલોદ તાલુકાના ગરાડુ નજીક એસટી બસમાં અકસ્માતે આગ ફાટી નીકળતા બસમાં બેસેલા મુસાફરોમાં અફરાતફરીનો માહોલ સર્જાવા પામ્યો હતો. જો કે આગ પ્રચંડ રૂપ ધારણ કરે તે પહેલા જ બસમાં બેસેલા મુસાફરો પોતાનો જીવ બચાવી બસમાંથી બહાર નીકળી ગયા હતા. વધુમાં જાણવા મળ્યા મુજબ ફતેપુરા થી વહેલી સવારે વડોદરા તરફ જતી એસટી બસ ઝાલોદ પહોંચે તે પહેલાં જ બસમાં એકાએક આગ ફાટી નીકળતા બસમાં બેસેલા મુસાફરોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે બસના ચાલક તેમજ મુસાફરોએ સમયસૂચકતા વાપરી બસમાંથી બહાર આવી જતા કોઈ જાનહાનિ બનવા પામી હતી. જોકે આ આગની ઘટનાની જાણ આસપાસના સ્થાનિકોએ ઝાલોદ ફાયર ફાઈટર ને કરતા ઝાલોદ અગ્નિશામક દળ ની ટીમે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી આગને ઓલવવા પ્રયાસો હાથ ધર્યા હતા. સમાચાર લખાય છે ત્યાં સુધી એસટી બસમાં આગ લાગવાનું કારણ હાલ અકબંધ રહેવા પામ્યું છે. આગના બનાવના પગલે ફતેપુરા થી ઝાલોદ તરફનો માર્ગ બંધ થઈ જવા પામ્યો હતો.

# યુક્રેનની યુદ્ધગ્રસ્ત કપરી પરિસ્થિતિમાંથી ઝાલોદની શિવાંગી કલાલ આજે હેમખેમ ઘરે પહોંચી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

યુક્રેનની યુદ્ધગ્રસ્ત કપરી પરિસ્થિતિમાંથી ઝાલોદની શિવાંગી કલાલ આજે હેમખેમ ઘરે પહોંચી ગઇ છે. ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલું ઓપરેશન ગંગા અંતર્ગત વિદ્યાર્થીઓને સલામત રીતે દેશમાં પરત લાવવામાં આવી રહ્યાં છે. ત્યારે શિવાંગી યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી પરત ફરતા પરિવારજનોમાં ખુશીની લાગણી વ્યાપી ગઇ હતી. શિવાંગીએ ભારત સરકાર દ્વારા આગવી કુનેહ સાથે વિદ્યાર્થીઓને પરત લાવવા માટે કરાઇ રહેલા પ્રયાસોની સરાહના કરી હતી.

શિવાંગી યુક્રેનની ઓડેસા સ્થિત યુનિવસીર્ટીમાં મેડીકલના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહી હતી. ત્યારે યુદ્ધ શરૂ થઇ જતા તે ત્યાં ફસાઇ ગઇ હતી. શિવાંગી જણાવે છે કે, યુદ્ધના બોમ્બ ધડાકા અને ગોળીબારના ભયગ્રસ્ત માહોલ વચ્ચે ભારત સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોને પરિણામે હું ભારત પહોંચી શકું છું.

શિવાંગી વધુમાં જણાવે છે કે, ભારત સરકાર દ્વારા અણીના સમયે અમને મદદ મળી જતા હું ભારત પહોંચી શકી છું. અમે યુક્રેનના ઓડેસામાં ફસાયા હતા. ત્યાં પણ ખૂબ જ ભયજનક સ્થિતિ હતી. ઓડેસાથી રોમાનિયા સરહદ સુધી અમે બસમાં આવ્યા. દરમિયાન રસ્તામાં વારંવાર બસને સૈનિકો રોકી રહ્યાં હતા. સરહદથી ૧૨ કિ.મી. સુધીનો રસ્તો ચાલીને પસાર કર્યો હતો. અમે ઓડેસાના જે વિસ્તારને છોડી ગયા ત્યાં થોડાક જ સમય બાદ ઓપન ફાયરીંગ શરૂ થઇ ગયું હતું. રોમાનિયા ખાતે સ્થાનિક લોકોએ પણ અમને મદદ કરી હતી. ભારત સરકાર દ્વારા શિવાંગી સહિતના વિદ્યાર્થીઓને ખાસ ફલાઇટ મારફત ભારત લાવવામાં આવ્યા હતા. શિવાંગીએ જણાવ્યું કે, ભારત સરકાર દ્વારા સચોટ આયોજન કરવામાં આવ્યું હતું. અમે રોમાનિયામાં ૧૨ કલાક માટે રોકાણ કર્યું હતું. ત્યાર બાદ એરપોર્ટ પરથી અમને સહીસલામત લઇ જવામાં આવ્યા હતા અને આખરે અમે ભારત પહોંચ્યાં હતા.

શિવાંગીના પિતા બીપીનભાઇ જણાવે છે કે, સરકારી તંત્ર પણ સતત અમારા સંપર્કમાં હતું અને અમારી પુત્રી વિશે સતત અમને માહિતી આપતા હતા. સરકારી તંત્રનો પણ અમને ખુબ સહયોગ મળ્યો હતો.

શિવાંગી ઘરે પરત ફરતા ઝાલોદ મામલતદાર જે.વી. પાંડવએ તેની મુલાકાત લઇ શુભેચ્છાઓ પાઠવી હતી.

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના 31 ડાયાલીસીસ વિભાગોનું ઈ-લોકાર્પણ દે.બારીયા જનરલ હોસ્પિટલ ખાતે યોજાયો


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

શ્રીમંત જયદીપસિંહ સૂભકસિંહજી ચૌહાણ સરકારી હોસ્પિટલ ખાતે આઈ.કે.ડી.આર.સી.અમદાવાદ અને રાજ્ય સરકાર મારફતે વધારે બે મશીનો કુલ પાંચ ઉપકરણો મહાશિવરાત્રીના શુભર્યથના દિવસે એટલે ૦૧/૦૩/૨૦૨૨ને મંગળવારના રોજ એક ભવ્ય પ્રોગ્રામનું વડનગર થી લાઈવ પ્રોગ્રામને દેખવા માટેનો દેખવામાં અને દેખવા માટે મુખ્ય અતિથી તરીકે નિમિષાબેન સુથાર રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી તેમજ પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતીમાં ભારતીય સંસ્કૃતિની રસમ મુજબ બચુભાઈ ખાબડના હસ્તે દિપ જ્યોતાહ નમસ્તતેની ધૂન સાથે દીપ પ્રાગટય કરાયો હતો.

આજરોજ વડનગર ખાતે ૩૧ ડાયાલીસીસ લોકાર્પણના કાર્યક્રમનું લાઈવ પ્રસારણના દ્વારા દે.બારીયા જનરલ હોસ્પિટલ ખાતે ઋષિકેશ પટેલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ મંત્રીના હસ્તે થવા પામ્યો. તેનો સીધો પ્રસારણ દેખવા માટે સરકારી હોસ્પિટલ દે.બારીયા ખાતે રાખવામાં આવ્યો હતો.

સ્વાગતમાં સૌ પ્રથમ દાહોદ જીલ્લાના કલેક્ટર ડૉ. હર્ષદ ધોષાય એ પુષ્પગુચ્છ આપી નિમીષાબેન સુથારનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સી.ડી.એમ.ઓ. એ પુષ્પગુચ્છ માજી મંત્રી બચુભાઈ ખાબડનું સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ માન્ય બચુભાઈ ખાબડના ઉદ્બોધનમાં ડાયાલીસીસ માટે દે.બારીયા સરકારી હોસ્પિટલ ખાતે કુલ સાત જેટલા મશીનોનું લોકાર્પણ સાથે પોતાની આગલી શૈલીમાં જણાવતા ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ૧૦ ઉપકરણોની વ્યવસ્થા કરવામાં આવી છે. તદ્દન મફત સુવિધા આપવામાં આવશે. તેમજ વધુમાં જણાવ્યું હતું. આગામી દિવસોમાં જે ડૉક્ટર્સની જે પણ વિભાગના છે. તેના માટે ઉપલા લેવલે રજુઆત કરીને તે તબીબની સધન પરીપૂર્ણ કરવા માટે પ્રયત્નો કરવા માટે આવી છે. મહાશિવરાત્રીના દિવસે આપણે આ ઉપકરણોનું શુભારંભ કરી રહ્યા છે. હાલમાં દર અઠવાડીયે ૧૬ જેટલા દર્દીઓ ડાયાલીસીસની સારવાર લેતા હોય છે. જે ખૂબ જ આનંદની વાત છે. જેમાં એક ડાયાલીસીસ થી દર્દીને રૂા.૩૦૦/-ચુકવવામાં આવે છે. તેમજ મુખ્યમંત્રી નિઃશુલ્ક યોજના હેઠળ ૩૬ લેબોરેટરી ટેસ્ટ વિના મૂલ્યે કરવામાં આવે છે. હવે થી દે.બારીયા શહેર તેમજ આસપાસના ગ્રામ્યના જે દર્દીના બન્ને કીડનીઓ બગડી ગયેલ હોય તેવા કોઈપણ દર્દીને હવેથી ગોધરા અથવા બરોડા જવું નહીં પડે હવે એ જોવાનું છેકે, દર્દીને ગોધરા અથવા બરોડા રીફર કરે છે કે નહી તે જોવાનું રહ્યું. આ લોકાર્પણના કાર્યક્રમના સુરક્ષાની ચાપતિ તૈયારી આગલા દિવસે અને કાર્યક્રમના દિવસે ચુસ્ત પોલીસ બજાવી રાખી હતી. આમ રાજવી કુટુંબના વડવાઓએ આ હોસ્પિટલ માટે મોટું યોગદાન અર્પણ કરાયું છે. તેવા તુષારસિંહ બાબા, માજી મંત્રી ઉર્વશી દેવી, ડૉ. હર્ષિત ધોસાઈ તથા ડૉ. વણાકર, ડૉ.નયનભાઈ દાહોદ, ડૉ. રાકેશ, ડૉ. ચાર્મીબેન સોની નગર પાલિકા પ્રમુખ, જીલ્લા પ્રમુખ સ્ટાફ, નર્સ બહેનો, તાલીમ નર્સ બહેનો અને આમ જનતા હાજર રહીને આ ભવ્ય પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

# દાહોદ તાલુકા રામપુરા પાસે હાઈવે પર રૂ ની ગાંસડીઓ ભરેલ ટ્રક બળી ને ખાખ

દાહોદ,

દાહોદ તાલુકાના રામપુરા ગામે હાઈવે પર એન્જીનમાં લાગેલી આગના કારણે કંડલાથી રૂ ભરીને આવી રહેલ ટ્રક રૂ સાથે આખે આખી બળી જતા અંદાજે રૂા.૧૨ થી ૧૫ લાખનું નુકશાન થયું હતુ.

જાણવા મળ્યા મુજબ મદયપ્રદેશના નાસીરહુસેન રુસ્તમખાન પઠાણ નામનો ટ્રક ડ્રાયવર તેના કબ્જાની એમપી ૦૭૦૬ નંબરની મ.પ્ર.પાર્સીંગની વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે રૂ ભરેલ ટ્રક દાહોદ એન્જીનમાં આગ લાગી જતા ડ્રાયવરે ટ્રકને રોડની સાઈડમાં લઈ સમય સુચકતા વાપરી ટ્રકમાંથી ઉતરી પડ્યો હતો. અને દાહોદ ફાયર સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. આ દરમ્યાન ટ્રકમાં એન્જીનમા લાગેલ આગ પ્રસરી જતા ટ્રકમા ભરેલ રૂ પણ સળગતા આગ પ્રચંડ બની હતી. અને આખી ટ્રક આગની લપેટમાં આવી ગઈ હતી. આગની ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડના લાશ્કરો ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. અને આગ હોલવવાની કામગીરી હાથ ધરી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી આગ હોલવી નાખી પરંતુ આગમા રૂ સાથે સંર્પૂણ ટ્રક સાથે અંદાજે ૧૨ થી ૧૫ લાખનું નુકશાન થવા પામ્યું હતુ. પરંતુ નુકશાનનો સાચો આંકડો તો ટ્રક માલીક આવે ત્યાર પછી જ જાણવા મળી તેમ છે.

# સુખસરમાં પરવાનો રદ્દ કરાયેલ સરકારી દુકાન બંધ રહેતા કાર્ડધારકોને હાલાકી

સુખસર,

સુખસરની પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર વ્યાજબી ભાવની દુકાનના સંચાલક ભુનેતર મુકેશભાઈ મુળજી અનાજ ઓછુ આપતા હોબાળો મચ્યો હતો. દુકાન સંચાલક દ્વારા દુકાન બંધ કરાઈ હતી. તો આજદિન સુધી દુકાન ખોલી નથી. દુકાન બંધ રહેતા રેશનકાર્ડ ધારકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ગરીબ માણસો માત્ર સરકાર જે અનાજ આપે છે તે અનાજ પર નિર્ભર હોય છે તેવા સમયે દુકાન સંચાલક દ્વારા દુકાન બંધ કરી દેવાઈ છે તો ગરીબ માણસોનુ શુ તેવો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે.

વ્યાજબી ભાવની દુકાન સંચાલક દ્વારા રેશનકાર્ડ ધારકોને અનાજ ઓછુ આપવુ અને રેશનકાર્ડ ધારકો જોડે દુર્વ્યવહાર કરવાની ફરિયાદો ઉઠવા પામી હતી. સુખસર સસ્તા અનાજની દુકાન પર આજસુધી ફતેપુરા મામલતદાર કે તેમના કોઈ અધિકારી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી નથી જેથી યોગ્ય પગલા લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# યુક્રેનમાં ફસાયેલા દાહોદ જીલ્લાના વિદ્યાર્થીઓને હેમખેમ પહોંચાડવા સાંસદ દ્વારા વિદેશ મંત્રીને રજુઆત

દાહોદ,

દાહોદ જિલ્લાના કેટલાંક વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયાં છે. ત્યારે તેઓને હેમખેમ તેઓના વતન પહોંચાડવામાં આવે તેવી રજુઆત સાથે દાહોદ જિલ્લાના સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા વિદેશ મંત્રીને લેખિત રજુઆત સહિત સતત ટેલીફોનીક સંપર્કમાં છે.

યુક્રેન અને રશીયા વચ્ચે ભીસણ યુદ્ધ થઈ રહ્યું છે. આવા સમયે આખી દુનિયા ચિંતાના માહોલમાં છે. ભારતના ઘણા વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ કરવા ગયાં હતાં. ભારતના વિદ્યાર્થીઓ યુક્રેનમાં ખુબજ ખરાબ પરિસ્થિતીમાં ફસાઈ ચુક્યાં છે અને ઘણા વિદ્યાર્થીઓ બોર્ડર પર પણ અટવાઈ ગયાં છે. ત્યારે ઘણા વિદ્યાર્થીઓને હેમખેમ ભારત સરકારના ઘનિષ્ઠ પ્રયાસો થકી વતન લાવવામાં આવ્યાં છે અને હાલ પણ યુક્રેનમાં ફસાયેલ વિદ્યાર્થીઓને ભારત લાવવાની કવાયતો સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે દાહોદ જિલ્લામાંથી પણ ઘણા વિદ્યાર્થીઓ યુક્રેન એમ.બી.બી.એસ. માટે અભ્યાસ માટે ગયાં હતાં અને યુદ્ધ વચ્ચે તેઓ પણ ફસાયાં ગયાં છે. આવામાં દાહોદના ઘણા વિદ્યાર્થીઓ હેમખેમ પરત પણ આવી ગયાં છે પરંતુ હજુ પણ કેટલાંક વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયાં છે. ત્યારેઓની ચિંતા વ્યકત કરી દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા વિદેશ મંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે. જેમાં ૯ જેટલા વિદ્યાર્થીઓની યાદી સહિત તેમના દાહોદ જિલ્લાના સરનામા, સંપર્ક નંબર સહિતની યાદી વિદેશ મંત્રીને મોકલી આપવામાં આવી છે. સાંસદ જશવંતસિંહ ભાભોર સતત વિદેશી મંત્રીના સંપર્કમાં પણ છે અને ટેલીફોનીક વાતચીત કરી દાહોદના વિદ્યાર્થીઓને હેમખેમ વતન લાવવાની રજુઆત પણ કરાઈ રહી છે. સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા વિદ્યાર્થીઓના પરિવારજનોની પણ મુલાકાતે પહોંચ્યાં હતાં અને તેઓને સાત્વના પણ પાઠવી હતી.

# જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારી દ્વારા ગરબાડા તાલુકા પંચાયતની સરપ્રાઈઝ મુલાકાત

દાહોદ,

જિલ્લા વિકાસ અધિકારી નેહાકૂમારી દ્વારા વિકાસના કામોના રિવ્યૂ માટે ગરબાડા તાલુકાની પંચાયતની ઓચિંતી મુલાકાત લીધી હતી. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગરબાડા તાલુકાના ગ્રામ પંચાયતના તલાટીઓ સાથે મિટિંગ કરી હતી. અને ૧૪ માં નાણાં પંચની ગ્રાન્ટ નો ઉપયોગ ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં વિકાસના કાર્યો માં પૂર્ણ કરવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

ગરબાડા તાલુકા પ્રમુખના પ્રતિનિધિ અર્જુનભાઈ ગણાવા દ્વારા ગરબાડા ની સરપ્રાઈઝ મુલાકાતમાં આવેલ જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીનું પુષ્પગુચ્છ તેમજ સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.161

## ભોજબાજ બિલ્ડરો અને ભ્રષ્ટ વહિવટી તંત્રના પાપે

# હાલોલના સ્ટેશન રોડ પર આવેલ રાધિકા નગરના ૨૦૦ ઉપરાંત પરિવારોની ઉંઘ હરામ થઈ

## હાલોલ મામલતદાર દ્વારા રાધિકા નગરના રહિશોને ૭ દિવસમાં જમીન ખાલી કરવાની નોટીસ ફટકારતા ફફડાટ



ગોધરા,

વહિવટી તંત્રના પાપે અને ભોજબાજ બિલ્ડરોના છેતરપિંડીના લીધે હાલોલના સ્ટેશન રોડ પર આવેલ રાધિકા નગર -૧ અને ૨ માં રહેતા ૨૦૦ ઉપરાંત પરિવારોની પોતાના મકાનો ખાલી કરી જમીન ખાલી કરવાના ફરમાન મળતા રહિશોની ઉંઘ હરામ થવા પામી છે. હાલોલ મામલતદાર દ્વારા રાધિકા નગર-૧ અને ૨ માં રહેતા ૨૦૦ ઉપરાંત પરિવારોને તેમના પોતાના મકાન ૭ દિવસમાં ખાલી કરવા ફરમાન કરવામાં આવ્યું છે. જેને લઈ રાધિકા નગર રહિશોમાં ચિંતા સાથે પગ નીચેથી જમીન ખસી ગઈ છે. અને ભ્રષ્ટ વહિવટી તંત્ર અને ભોજબાજ બિલ્ડરોના પાપના લીધે તેઓ પોતે પોતાના પરિવારને રસ્તા પર લઈ આવી ગયા હોય એવું જણાવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ વર્ષ ૨૦૦૯ દરમિયાન હાલોલના જાણીતા એવા ચાર જેટલા બિલ્ડરોએ મળી આ જગ્યા ઉપર પ્લોટીંગ કર્યું હતું અને અલગ-અલગ વ્યકિતઓને પ્લોટનું વેચાણ દસ્તાવેજ કરી તેમની પાસેથી મસમોટી રકમ વસુલવામાં આવી હતી અને જે તે વ્યકિતઓને પ્લોટની જમીન વેચાણના પાકા દસ્તાવેજ પણ કરી આપવામાં આવ્યા હતા. ત્યારબાદ અહીંના લોકોએ પોતાના પસીનાની કમાઈ અને પોતાના બાપદાદાની મિલ્કતો વેચી નાણાંની જોડી પોતાના પ્લોટ ઉપર મકાનો બાંધ્યા હતા. નિયમોનુસાર રહિશોને લગતી પ્રાથમિક સુવિધાઓ જેવી પાણી, વિજળી કનેકશનો મેળવાય અને નગર પાલિકા દ્વારા વસુલવામાં આવતો ટેકસ પણ અહીંયાના તમામ રહિશોએ ચુકવી રહ્યા છે. રહિશોએ જણાવતા કીધું છું કે, ૨૦ વર્ષ જેટલો સમય વિતી ગયા બાદ અચાનક હાલોલ મામલતદાર દ્વારા તેમને મકાન ૭ દિવસમાં ખાલી કરવા માટેની નોટીસ ફટકારવામાં આવી છે. અંદાજીત ૩૦૦ જેટલા પ્લોટની જમીન જીલ્લા કલેકટરના આદેશ અનુસાર શ્રી સરકાર કરવામાં આવેલ હોય સાત દિવસમાં જમીન ખાલી કરી દેવા રહિશોને નોટીસ દ્વારા જણાવવામાં આવ્યું છે. ત્યારે ભ્રષ્ટ વહિવટી તંત્રના પાપને લીધે અને ભોજબાજ છેતરપિંડી કરવામાં માહિર બની બેઠેલા બિલ્ડરોના સકંજામાં આવી ભોગ બની બેઠેલા રાધિકા નગરના રહિશોએ પોતાની જીંદગીની કમાઈના રૂપીયાથી જમીન લઈ પાકા મકાનો બનાવ્યા છે. હવે જમીન માલિક દ્વારા કરાયેલ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભોગ બનેલા રહિશોએ ન્યાયની માંગ કરી છે. અને તેઓને યોગ્ય ન્યાય નહીં મળે તો તમામ પરિવારો સામુહિક આત્મહત્યા કરી લેવાની ચિમકી ઉચ્ચારી છે.

જમીન માલિકોની છેતરપિંડી અને વહિવટી તંત્રના પાપને લઈ જમીન ખાલસા થઈ જતા રાધિકા નગરના રહિશોને રસ્તા પર આવી જવાની નોબત આવી ગઈ છે. ત્યારે રહિશો સાથે છેતરપિંડી આચરનાર બિલ્ડરો હાલમાં ભુર્ગભમાં ઉતરી ગયા છે. ત્યારે બીજી તરફ પ્રશાસન દ્વારા યોગ્ય પગલાં ન લેવાતા ભોગ બનેલા રહિશોએ સ્થાનિક ધારાસભ્યના શરણે જઈ સમગ્ર ઘટના અંગે પોતાની આપવિતી જણાવી ન્યાયની માંગ કરી છે.

હાલોલ મામલતદાર દ્વારા ફટાકરવામાં આવેલ નોટીસને લઈ રાધિકા નગરના રહિશો રોષે ભરાયા છે. અને છેતરપિંડી કરનાર બિલ્ડર અને આ સમગ્ર મામલે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. જોકે, આમ સમગ્ર મામલો સામે આવ્યા બાદ પ્લોટ વેચાણ દસ્તાવેજ કરી આપનાર નરેન્દ્ર રમણલાલ શાહ નામના બિલ્ડર સહીત અખ્તર, કમલેશ અને રામભાઈ નામના ચાર ભોજબાજ બિલ્ડરો હાલ ભુર્ગભમાં ઉતરી ગયા છે. તેઓના સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે અને જે તે સમયે પ્લોટનું વેચાણ દસ્તાવેજ સમયે ટાઈટલ કલીયર ન હોવા છતાં વેચાણ દસ્તાવેજ કરી આપનાર સામે પણ કડક પગલાં લેવા રહિશોની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

### જમીન માલિક દ્વારા જે તે સમયે જમીનનું પ્રિમીયમ ન ભરતા જમીન શ્રી સરકાર કરવામાં આવી

મળતી માહિતી મુજબ સરકારશ્રીના નિયમ મુજબ ખેતીની જમીન નવી શરત માંથી જુની શરતમાં ફેરવવાની હોય અને આ માટે સરકાર દ્વારા નકકી કરવામાં આવેલ પ્રિમીયમની રકમ ભરવામાં આવતી હોય છે. પરંતુ જમીન વેચાણ આપનારા ભોજબાજ બિલ્ડરોએ તમામ નિયમોને નેવે મૂકી પ્રિમીયમની રકમ ચુકવવા પાત્ર કરોડોની રકમ ન ચુકવી પ્લોટોનું વેચાણ કરી દીધેલ હતું.આ વિસ્તારના 300 ઉપરાંત પ્લોટોની જમીનના પ્રિમીયમની રકમના રૂા. ૫ કરોડ ઉપરાંત બાકી હોય જીલ્લા કલેકટર દ્વારા જમીન શ્રી સરકાર કરી દેવામાં આવી હોય તેવું રહિશો જણાવી રહ્યા છે.

### રાધિકા નગરના રહિશો દ્વારા જીલ્લા કલેકટરને આવેદન પત્ર આપી ઉગ્ર રજુઆત કરી



ભોજબાજ બિલ્ડરોના છેતરપિંડીના ભોગ બનેલ રહિશોને સ્થાનિક પ્રશાસન દ્વારા ન્યાય નહીં મળતા જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી યોગ્ય કાર્યવાહી કરી ન્યાયની માંગ કરી છે. રજુઆતમાં જણાવ્યા અનુસાર તમામ રહિશો જમીનના જે તે પ્લોટો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ દ્વારા ખરીદી કરી બોનોફાઈડ પરચેઝર છે. અને જે તે સમયે રહિશોને આ પ્લોટ વેચાણ દસ્તાવેજ કરી આપવાના સમયે બિલ્ડરોએ જમીન ટાઈટલ કલીયર હોવાનું જણાવ્યું હતું. હાલમાં આ જગ્યા પર ૨૦૦ ઉપરાંત કાચાં-પાકા સ્વરૂપના મકાનો બાંધકામ કરવામાં આવેલા છે. અહીંના તમામ રહિશો રોજીંદી મજુરી કરીને પોતાના પરિવારનું ગુજરાન કરે છે. ત્યારે આ રહિશોની વેચાણ દસ્તાવેજ કરેલ જમીન સરકાર દ્વારા પરત લઈ લેવામાં આવશે તો તમામ રહિશોને ભુખે મરવાનો તેમજ કુટુંબ પરિવાર રઝળતો થઈ જવાની દહેશત ગુજારી રહ્યા છે. રહિશોના જણાવ્યા મુજબ તેઓએ કોઈપણ પ્રકારનું ગેરકાયદેસરનું કૃત્ય કરી નથી. પરંતુ જમીન માલિકો અને બિલ્ડરોએ તમામ રહિશોને તેમજ સરકારશ્રીને અંધારામાં રાખવાનું કાવતરું રચેલ છે. અને જે તે સમયે કાયદેસર રીતે ખરીદ કરેલ પ્લોટ ઉપર સરકારની શરતોને આધીન પાકા મકાનો બાંધ્યા છે. આમ તમામ રહિશોએ સરકાર સાથે કોઈપણ પ્રકારની છેતરપિંડી કરેલ નથી. જેથી આ સમગ્ર મામલે જીલ્લા કલેકટર દ્વાર ન્યાયિક તપાસ કરવામાં આવે અને જવાબદાર અધિકારીઓ તેમજ ભોજબાજ બિલ્ડરો સામે તપાસ કરી તેઓ સામે કડક પગલાં લેવા માટે રહિશોએ રજુઆત કરી છે.

## ગોધરા તાલુકામાં ઈવેકયુ જમીનના દસ્તાવેજ કરી આપનાર સામે ખાતાકીય તપાસની માંગ સાથે મહેસુલ મંત્રીને લેખિત રજુઆત

### ઈવેકયુ જમીનનો વેચાણ આપનાર અને લેનાર વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ ફરિયાદની માંગ

ગોધરા,

ગોધરા તાલુકાના એક ગામની રે.સ.નં૧૩ વાળી ઈવેકયુ પ્રોપર્ટી જમીનનો દસ્તાવેજ નોંધી આપેલ છે. તેની ખાતાકીય તપાસ ઉભી કરવા તેમજ વેચાણ લેનાર અને વેચાણ આપનાર વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગના કાયદા હેઠળ ફરિયાદ નોંધાવાની માંગ સાથે ગોધરાના એક અરજદાર દ્વારા રાજ્ય મહેસુલ મંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા તાલુકાના એક ગામમાં આવેલ રે.સર્વે નં.૧૩ વાળી ઈવેકયુ (હીજરતી) જમીન આવેલ છે. આ ઈવેકયુ જમીનનો સબ રજીસ્ટ્રાર દ્વારા ૧૬/૦૯/૨૦૨૧ના દસ્તાવેજ નોંધી આપવામાં આવ્યો છે. જેમાં જમીન દસ્તાવેજમાં વેચાણ રાખનાર તરીકે નિશાર અહેમદ અ.સતાર મેંદા તથા લેનાર તરીકે યામીન યાકુબ મેંદાએ દસ્તાવેજ કરાવેલ છે. જીલ્લાના તત્કાલીન કલેકટર અમિત અરોરા દ્વારા પરીપત્ર નં.વી.પી./જમન/વશી/૨૧૩૨/૧૯ તારીખ ૧૯/૧૧/૨૦૧૯ થી ઈવેકયુ જમીનમાં કોઈપણ જાતનો કોઈ ફેરફાર ન કરવા હુકમ કરેલ છે. તેમ છતાં સબ રજીસ્ટ્રાર કચેરી ગોધરા અને સરકારશ્રીની આવી કેટલી જમીનમાં ખોટા દસ્તાવેજ કરી આપી બિલ્ડરોને ઈવેકયુ (હીજરતી) જમીનોના હાથોહાથ કબ્જા સોંપવામાં આવી રહેલ છે. સર્વે નં.૧૩વાળી જમીન સને ૧૯૫૦ થી ઈવેકયુ ચાલતી હતી અને આ જમીન રહેણાંક ઉપયોગી હોય જમીનમાં બિલ્ડરો દ્વારા મૌખીક રીતે પ્લોટો પાડેલ છે. અને કબ્જો વેચાણ કરનાર છે. જેને લઈ સરકારને અંદાજીત ૧૦ કરોડ રૂપીયાનું નુકશાન થાય તેમ છે.

આ બાબતે અરજદાર દ્વારા રાજ્યના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીને લેખિત રજુઆત કરીને ઈવેકયુ જમીનના દસ્તાવેજ કરી આપવામાં આવ્યો તેની ખાતાકીય તપાસ કરવામાં આવે અને કાયદેસર કાર્યવાહી થાય તેમજ ઈવેકયુ (હીજરતી) જમીનનો વેચાણ લેનાર અને વેચાણ કરી આપનાર વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો નોંધાવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## શહેરા તાલુકા વય નિવૃત TDO માટે વિદાય સમારંભ યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા પંચાયતમાં મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા ઈશ્વરભાઇ માછી વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. તાલુકા પંચાયતના સ્ટાફ દ્વારા તેમની કામગીરીને બિરદાવવા સાથે તેમને ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે મદદનીશ તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા ઈશ્વરભાઇ માછી વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. આ વિદાય સમારંભ કચેરીના મિટિંગ હોલમાં તાલુકા વિકાસ અધિકારી સહિત સ્ટાફ અને નિવૃત્ત થતાં ઈશ્વરભાઇ ના સગા સબંધીઓ અને પરીવારજનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરીને શરૂઆત કરવામાં આવ્યો હતો. વયનિવૃત્ત થતા ઈશ્વરભાઇ માછીને ચાલી આવતી વર્ષો ની પરંપરા મુજબ તાલુકા પંચાયત કચેરીનો સ્ટાફ તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા પંચાયતના સભ્યો, જીલ્લા પંચાયતના સભ્યો, ગ્રામ પંચાયતના સરપંચ તેમજ તલાટી કમ મંત્રીઓએ ફુલહાર પહેરાવીને અને ફળ, શાલ ઓઢાડી ને મોમેન્ટો આપીને તેમના કામ અને સહયોગ પૂર્ણ સ્વભાવ ને બિરદાવી તેમની ખોટ પડશે તેમ જણાવવા સાથે નિવૃત્તિ બાદ તેમની જીંદગી સુખમય વીતે તે માટે કામના કરી હતી. જ્યારે આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી તુલસી ભાઈ ઠકકરએ પોતાના પ્રવચનમાં ઈશ્વરભાઇ માછીને નિવૃત્તિ પછી તંદુરસ્તી સારી રહે અને સમાજની સેવા કરે અને બાકીનું શેષ જીવન પ્રભુ ભક્તિમાં વ્યતિત કરે તેવી શુભ કામના વ્યક્ત કરી હતી. વિદાય લેતા ઈશ્વરભાઇ માછીએ પધારેલ તમામ મહાનુભાવો, કર્મચારીગણનો આભાર વ્યક્ત કર્યો હતો. આ વિદાય સમારંભ કાર્યક્રમમાં તાલુકા પંચાયત કચેરીના તાલુકા વિકાસ અધિકારી તુલસીભાઈ ઠક્કર, કિરણ ભાઈ સોલંકી, મનરેગા શાખાના રણછોડ ભાઈ બારીયા સહિત તાલુકા પંચાયત કચેરીનો સ્ટાફ સહિત નિવૃત થતા ઈશ્વરભાઇ માછીના સગા સંબંધીઓ અને પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઘોઘંબા મામલતદારને સવાપુરાના ગ્રામજનો દ્વારા આવેદનપત્ર આપ્યું



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના મામલતદારને સવાપુરા ગામના ગ્રામજનો દ્વારા મામલતદાર ઘોઘંબા નવા બસ સ્ટેન્ડ થી સવાપુરા ગામને જોડતો રસ્તો આવેલો છે. આ રસ્તો માટીમેટાલિક તેમજ ડામર થઈ ચૂક્યો છે. પરંતુ ૧૬૨ મીટર નો રસ્તો અધુરો રહેલ છે. ચાલુ વર્ષે આ રસ્તો ફરીથી રી કાર્પેટ થયો છે. પરંતુ ૧૬૨ મીટર નો રસ્તો બનાવવામાં આવ્યો નથી. આ રસ્તો જલ્દી થી બને તેવી રજૂઆત મામલતદારને ગ્રામજનો તેમજ ઘોઘંબા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચેતનસિંહ પરમાર, ઘોઘંબા તાલુકા કોંગ્રેસ મહામંત્રી સંજયસિંહ સોલંકી, પૂર્વ ઘોઘંબા તાલુકા સદસ્ય પોપટભાઈ રાઠવા, ભીમાભાઈ, અજબસિંહ, ઘોઘંબા તાલુકા કોંગ્રેસ સમિતિના એચસી સેલ પ્રમુખ નીતિનભાઈ મકવાણા, તેમજ ગામના સંનિષ્ઠ આગેવાનો સાથે રહીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ ઉચાપતના બન્ને આરોપીના જામીન નામંજુર

ગોધરા,

ગોધરા શહેરમાં ચકચાર જગાવનારની પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી ગોધરામાં લાખો રૂપિયાની ઉચાપત કરનાર બન્ને આરોપીની નિયમિત જામીન અરજી ફગાવતી સેસનસ કોર્ટ પંચમહાલ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘમાં ફરજ બજાવતા રણવીરસિંહ બળદેવસિંહ રાઠોડ તથા જગદીશભાઈ ગેલસિહ પરમાર દ્વારા પોતાની બજાવવાની થતી ફરજ દરમિયાન ખરીદ વેચાણ સંઘના ખોટા ચોપડા તથા હિસાબો બનાવીને લાખો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી. જે બાબત હાલના સંઘના ચેરમેનના ધ્યાનમાં આવતા તેમને તાત્કાલિક યોગ્ય તપાસ કરાવી અને ઉચાપત રેકર્ડ ઉપર આવતા ગોધરા ટાઉન પોલીસ સ્ટેશન એ ડીવીઝનમાં ઈ.પી.કો કલમ ૪૦૮,૧૧૪ મુજબનો ગુન્હો નોંધાવેલ જે ગુન્હાની તપાસ થતાં આરોપીઓ મળી આવતાં પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેથી આરોપીઓ દ્વારા પંચમહાલ જિલ્લાના મહેરબાન એડીશનલ શેસન્સ જજ સમક્ષ નિયમિત જામીન ઉપર મુક્ત થવા અરજી દાખલ કરવામાં આવી હતી. જે અરજીની સુનાવણી થતાં જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના કાગળો જોઈ નામદાર એડીશનલ શેસન્સ જજ બી.કે.બારોટ આરોપીઓની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે. ઉચાપતની રકમ ૬૬,૬૧,૯૫૪/-જેટલી છે.

## ગોધરાના ગદુકપુર ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાના નવનિયુકત સ્ટાફનો સેમિનાર યોજાયો



ગોધરા,

નેશનલ સાયન્સ ડે નિમિતે ઔધોગિક તાલીમ સંસ્થા, ગોધરા દ્વારા શિવ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગદુકપુર, ગોધરાના સહયોગથી શિવ ઔધોગિક તાલીમ સંસ્થા, ગદુકપુર ખાતે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે ફરજ બજાવતા નવનિયુકત સ્ટાફનો એક દિવસીય તાલીમ સેમીનારનું તા.૨૮-૦૨-૨૦૨૨ના રોજ આયોજન કરવામાં આવેલ હતુ.

આ સેમીનારમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય ટી.એન.ભાવસાર તથા તેઓનો સ્ટાફ અને શિવ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગદુકપુરના પ્રમુખ પુરણકુમાર જે. દેસાઈ દ્વારા તાલીમ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. નવનિયુકત સ્ટાફને ઔદ્યોગિક તાલીમ સંસ્થા બાબતની કામગીરી અને કર્મચારીની ફરજો તેમજ અન્ય વિવિધ વિષયો બાબતે તાલીમ આપવામાં આવી હતી.

## યુક્રેનમાં ફસાયેલા પંચમહાલના ૫ વિદ્યાર્થીઓ ઓપરેશન ગંગા હેઠળ વતન પહોંચ્યા

ગોધરા,

પંચમહાલ જીલ્લા માંથી મેડીકલનો અભ્યાસ કરવા ૧૬ વિદ્યાર્થીઓ યુક્રેન ગયા હતા અને રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ થતાં યુક્રેનમાં અભ્યાસ અર્થે ગયેલ વિદ્યાર્થીઓના વાલીઓ ચિંતીત બન્યા હતા.

પંચમહાલ જીલ્લા માંથી મેડીકલના અભ્યાસ અર્થે ૧૬ વિદ્યાર્થીઓ યુક્રેન ગયા હતા. યુક્રેન અને રશીયા વચ્ચે યુદ્ધ ફાટી નિકળતા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી યુદ્ધ શરૂ થતાં પહેલા બે વિદ્યાર્થીઓ વેતન પરત આવી ગયા હતા. જયારે બાકીના ૧૪ વિદ્યાર્થીઓ માંથી ૫ વિદ્યાર્થીઓને ઓપરેશન ગંગા હેઠળ બુધવારે દિલ્હી ખાતે આવી ગયેલ છે અને ત્યાંથી ગોધરા આવી જશે. જયારે યુદ્ધની સ્થિતી વચ્ચે ૯ વિદ્યાર્થીઓને વહેલીતકે ઓપરેશન ગંગા હેઠળ ભારત લાવવા માટે જીલ્લાવહીવટી તંત્ર કામે લાગી ગયું છે. યુક્રેનમાં યુદ્ધ વચ્ચે ફસાયેલા વિદ્યાર્થીઓના વાલીઓને વહેલીતકે ભારતમાં લઈ આપવામા આવશે તેવી હૈયાધારણ આપી છે. હાલમાં અધુરા મેડીકલ અભ્યાસ વચ્ચે વતન પરત ફરેલ વિદ્યાર્થીઓ ભવિષ્યની ચિંતા સતાવી રહી છે.

**- યુક્રેનમાં ફસાયેલા પંચમહાલના અન્ય ૯ વિદ્યાર્થીઓને વહેલી તકે ભારત લાવવા પ્રક્રિયા ચાલુ.**

**- પંચમહાલના ગોધરા-૯, હાલોલ-૪, ઘોઘંબા-૧, મોરવા(હ)-૧, શહેરા-૧ મળી ૧૬ વિદ્યાર્થી યુક્રેનમાં હતા.**

## લઘુત્તમ ટેકાનાં ભાવે વેચાણ કરવા ૩૧ માર્ચ ૨૦૨૨ સુધી ઓનલાઈન નોંધણી કરવાની રહેશે

ગોધરા,

ખેડૂતોને તેઓનાં પાકનાં પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાનાં ભાવે પ્રતિ ક્વિન્ટલ રૂ. ૨૦૧૫/- (પ્રતિ મણ રૂ.૪૦૩/-)નાં ભાવથી ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે કરવામાં આવશે. લઘુત્તમ ટેકાનાં ભાવે વેચાણ કરવાની ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં ગ્રામ્ય કક્ષાએ વીસીઈ દ્વારા તા.૦૨.૦૩.૨૦૨૨ થી તા.૩૧.૦૩.૨૦૨૨ સુધી કરવામાં આવશે. નોંધણી માટે આધાર કાર્ડની નકલ, અદ્યતન ગામ નમૂનો-૦૭/૧૨, ૮-અની નકલ, ગામ નમૂના ૧૨માં પાક વાવણી અંગે એન્ટ્રી ના થઈ હોય તો પાકની વાવણી અંગેનો તલાટીનાં સહી સિક્કા સાથેનો દાખલો, ખેડૂતનાં નામનાં બેન્ક ખાતાની વિગત જેમ કે બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. રાજ્યમાં ઘઉં પકવતા ખેડૂતો તેઓનો પાક લઘુત્તમ ટેકાનાં ભાવે વેચાણ કરવા ઈચ્છુક હોય તેઓની ઓનલાઈન નોંધણી ફરજિયાત હોઈ આ માટે સંબંધિત ગ્રામ પંચાયત અને તાલુકા કક્ષાએ પુરવઠા નિગમનાં ગોડાઊનનો સંપર્ક કરી નોંધણી કરાવવા ખાસ અનુરોધ જિલ્લા મેનેજર અને જિલ્લા પુરવઠા અધિકારી, પંચમહાલની અખબારી યાદીમાં જણાવાયું છે. નોંધણી બાબતે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પલાઈન નંબર ૨૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે. ખેડૂતોએ નોંધણી માટે વીસીઈને કે ગોડાઉન કક્ષાએ કોઈ પણ રકમ ચૂકવવાની રહેતી નથી, જેની ખાસ નોંધ લેવી.

## કાંકણપુર પોલીસ મથકમાં ડી.જે. સીસ્ટમની ચોરીના ગુનામાં એક ઈસમને મુદ્દામાલ સાથે પોલીસે ઝડપ્યો



ગોધરા,

ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસ મથકે ડી.જે. સીસ્ટમના ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં એલ.સી.બી.પોલીસને બાતમી મળી હતી કે, આઈડીયા ગામેની ચોરી થયેલ ડી.જે.સીસ્ટમ ખરસાલીયા ગામે રહેતા ઈસમના ઘરે સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે રેઈડ કરી ૧ લાખનો ચોરીના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના આઈડીયા ગામે ગોકળ ફળીયા માંથી ૩ ફેબ્રુઆરીના રોજ સાઉન્ડ સીસ્ટમના ત્રણ પાવર એમ.એમ.તથા એક પ્રોસેસરની ચોરી થયેલ હતી અને કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ચોરીના મુદ્દામાલ અંગે એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, કાલોલના ખરસાલીયા ગામે રહેતા અજયકુમાર ઉર્ફે ઢોલો મનહરસિંહ સોલંકી તથા વેજલપુર શિક્ષક સોસાયટીમાં રહેતા ઉમેશ ઉર્ફે ઉમીયો ગોપાલભાઈ બારીયા તથા વણાંકપુર ગોધરાના મુકેશ રમેશભાઈ બારીયા ભેગા મળી ચોરી કરેલ છે. અને ચોરીના મુદ્દામાલ ખરસાલીયા ગામે અજય ઉર્ફે ઢોલોના ઘરમાં સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી અજય સોલંકીને ચોરીના ૧,૦૦,૦૦૦/- લાખ રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. જયારે બે ઈસમોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે.